Bansari Naad:

Thacker, Krupesh

VISIT...

LANZAROTE Caliente.com

બંસરીનાદ

૭૨ કૃષ્ણભક્તો | ૭૨ રચનાઓ



સંપાદક - ડૉ. કૃપેશ ઠક્કર



PUBLISHING

બંસરીનાદ

૭૨ કૃષ્ણભક્તો | ૭૨ રચનાઓ

સંપાદક - ડૉ. કૃપેશ ઠક્કર

મુખપૃષ્ઠ અભિકલ્પના: વાચા ઠક્કર





PUBLISHING

Krup Music Publishing

KRUP MUSIC PUBLISHING
Give Vacha Foundation
Kutch - Gujarat, India

Title: બંસરીનાદ

Edition: 1st

Book Copyright © Give Vacha Foundation 2022
Copyright of individual poetry remains with the credited author
Cover Designed by Vacha Thacker

ALL RIGHTS RESERVED.

ISBN: 978-81-952449-8-0

First Published By Give Vacha Foundation 2022

The book is a compilation of works submitted by various authors. The originality of their submitted work has been confirmed by the authors. Although the author, editor and publisher have made every effort to ensure that the information in this book was correct at press time, the author, editor and publisher do not assume and hereby disclaim any liability to any party for any loss, damage, or disruption caused by errors or omissions, whether such errors or omissions result from negligence, accident, or any other cause.

No part of this book may be reproduced, distributed, or transmitted in any form or by any means, without the prior written permission of the publisher/author, except as permitted by the copyright law of India.

Publication
Krup Music Publishing | Give Vacha Foundation
Kutch, Gujarat, India | #KrupPublishing
https://GiveVacha.org | publish@GiveVacha.org

GIVE VACHA FOUNDATION

शब्द वंदना

PUBLISHING

જય શ્રી કૃષ્ણ!

સર્વે કવિઓ અને કવિયત્રીઓ

સવિનય સાથે જણાવવાનું કે
ગિવ વાચા ફાઉન્ડેશન કે જે એક No-Donation NGO છે.
તે "શબ્દ વંદના" નામના પ્રોજેક્ટ અંતર્ગત વિશ્વભરના
સાહિત્યકારોની ઉત્કૃષ્ટ કૃતિઓને સંકલિત કરી પ્રકાશિત કરે છે
અને એ પુસ્તકોના વહેંચાણથી પ્રાપ્ત થતી ધનલક્ષ્મીનો ઉપયોગ
NGO ના વિવિધ સેવાકાર્યોમાં કરે છે.

'ગીતા જયંતિ પર્વ 2022' ના ભાગરૂપે
'બંસરીનાદ' નામનું કાવ્યસંગ્રહ
ગીતા જયંતિના શુભ અવસર પર પ્રકાશિત કરવામાં આવશે.
આ પુસ્તક થકી થનારી આવકનો ઉપયોગ
અમારા 'ગ્લોબલ ક્લબફૂટ અવેરનેસ પર્વ' પ્રોજેક્ટમાં કરવામાં આવશે.
આ કાવ્યસંગ્રહ માટે આપશ્રીએ આપની મૌલિક રચના વિનામૂલ્યે આપી,
અમારા આ સાહિત્ય યજ્ઞમાં સહકાર આપ્યો,
તે બદલ હું આપનો સદા આભારી રહીશ.

ડૉ. કૃપેશ ઠક્કર
(શબ્દ વંદના સંપાદક તથા ગિવ વાચા ફાઉન્ડેશન ટ્રસ્ટી)



GIVEVACHA.ORG

#SHABDAVANDNA




Vacha K. Thacker

Brand Ambassador - Give Vacha Foundation

Namaste!

As a brand ambassador of Give Vacha Foundation, I would like to thank all the poets to dedicate their poems for a divine purpose. 'Shabd Vandna' is not just a project but we may say, it is 'Sahitya Yagya' in which we all are worshiping the 'Shabd Brahma' himself.



Parv K. Thacker

Brand Ambassador - Global Clubfoot Awareness Parv
#ClubfootWarrior

Thank you,
Let's move together…

"संगच्छध्वं संवदध्वं
सं वो मनांसि जानताम्…"

અનુક્રમણિકા

26. કાન-રાધા - રામજી જોશી (રામ)
27. આવોને શામળિયા - જીવતી પીપલીયા
28. હરિનું નામ - કીર્તિ પટેલ (ઓજસ)
29. તારા વિના - લતા સોલંકી
30. હજાર હાથ વાળો - હરિ શુક્લ
31. રણછોડ - સરોજ રાણા
32. ગીતા જયંતિ - ભારતી ભંડેરી (અંશુ)
33. કૃષ્ણ ભજન - રશ્મિ સંપટ
34. બિંદુ ગીતા - ડૉ. નારદી જગદીશચંદ્ર પારેખ (નંદી)
35. વાત્સલ્ય - યોગિતા મહેતા
36. गोपाल - पबु गढवी (पुष्प)
37. ગીતા બોધ - કિશોર સોની (અલબત્ત)
38. કાનો - પ્રભુલાલ સિધ્ધપુરા (પ્રભુ)
39. જીવનગ્રંથ - ગીતા સંજય પટેલ (શક્તિ)
40. ઘણો ફરક છે તમારા કાનુડા ને મારા કૃષ્ણમાં - પુષ્પક ગોસ્વામી
41. सकारात्मक ऊर्जा - कु.फोरम.आर. महेता
42. જ્ઞાનમાં - ગીતા ઠક્કર(ગીત)
43. શ્રી કૃષ્ણ કાવ્ય - નિહારિકા
44. કેમ શોધું - નૈઋતિ ઠાકર (નેહ)
45. કાન-રાધા - આરતી ભાનુશાલી (આભા)
46. માખણચોર કનૈયો - પુષ્પાબેન વૈધ
47. કનૈયા - પ્રવીણ બલિયા
48. સારની ગીતા - કોકિલા રાજગોર
49. જગ આખાએ વખાણી - કલસરિયા પ્રકાશ એન (યાદ)
50. ગીતાજી - નીના દેસાઈ (નિજ)
51. श्री कृष्ण - पदमा मोटवानी
52. શ્રી કૃષ્ણ અને માનવ સંબંધ - યોગેશ ત્રિકમભાઈ ચાંદેગરા (યુગ)
53. તારણહાર - હસ્મિતા ત્રિવેદી
54. બંસરી - ભાનુબેન સાવલા
55. નંદલાલ - દેવેન્દ્ર પાઠક (ઈગલ)
56. ઘનશ્યામ - કૃષ્ણકાંત ભાટીયા (કાન્ત)
57. આત્માની પરીક્રમા - જગમાલ રબારી (પ્રિયદર્શન)
58. પ્રકાશ છે ગીતા - ડોલી વિવેક માણેક (આશ)
59. કરીએ કર્મ ઉજળાં - અમૃતાબા ડી. જાડેજા
60. કર્મ વડે મળે - દર્શના જેઠવા
61. ગીતા - સૌરભ જોશી
62. અણસાર - માવજી એમ આહીર
63. કૃષ્ણ કનૈયો - ચિન્મય તપોવન (સાંદિપની)
64. માધવ - લોહાર લીના(નસીબ)
65. રાધે શ્યામ - બીજલ જગડ

પરિચય

ઘરે ઘરે આપણી ભારતીય સંસ્કૃતિને વાચા આપતું સુંદર પર્વ એટલે Give Vacha Foundation અને Krup Music દ્વારા આયોજિત "ગીતા જયંતિ પર્વ ૨૦૨૨" નો કાર્યક્રમ ખુબજ લોક કલ્યાણકારી છે. અનંત વર્ષોથી આપણી ભારતીય સંસ્કૃતિનું સિંચન કરનાર, મનુષ્યોના જીવનમાં પથદર્શક બનનાર તેમજ લોક કલ્યાણકારી સ્વયં ઈશ્વરના મુખારવિંદથી રચાયેલ ભગવાનની વાણી એટલે ગીતાજીના મહિમાનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાતના તેમજ ભારતના અનેક ઉમદા કવિઓ દ્વારા તેમના દ્વારા લિખિત ગીતાજીનો અને કૃષ્ણનો મહિમા આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યો છે. અલૌકિક તેમજ સાધક માટે ઉપયોગી બિનસાંપ્રદાય પ્રાસાદિક ગ્રંથ ગીતા જેનો મહિમા અસીમ છે અને મનુષ્ય જીવનનાના ઉદ્ધાર માટે ભગવાનની વાણીના મંત્રો જ આ ગ્રંથમાં વાસ્તવિક કલ્યાણ ઈચ્છતા મનુષ્યનું ઉદ્ધાર કરે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં જ્ઞાનરૂપી ગંગાસમ નિરંતર વહેતો શુદ્ધ પાવન સાહિત્યકારોના ભીતરની લાગણીનો ભાવ આ પુસ્તકમાં છે. કર્મયોગ ભક્તિયોગ દ્વારા જીવન જીવવાની સાચી દિશાનું સૂચન કરાવતો દિવ્ય ગીતાગ્રંથરૂપી માર્ગ અને આ જ કલ્યાણકારી ગ્રંથની મહિમા અને કૃષ્ણની મહિમાને ઉમદા સાહિત્યકારોની કલમ વડે ભક્તિમય બનાવતું આ પુસ્તક પણ લોક કલ્યાણની દિશામાં અનેક સાધકોને પથદર્શક બનશે.

કવયિત્રી
પૂજા ઉપેન્દ્રકુમાર ગઢવી (મંથના)
અંજાર (કચ્છ)

વિશેષ નોંધ

સ્વઈચ્છાથી જોડાયેલા સેવાકીય કાર્યમાં ભારતના તેમજ ગુજરાતના વિવિધ ઉમદા સાહિત્યકારોની રચનાઓ દ્વારા રચાયેલ આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવેલ રચનાઓ સાહિત્યકારોની મૌલિક રચના છે તેમજ આ રચનાઓની મૌલિકતાની જવાબદારી સ્વયં સાહિત્યકારોની રહેશે તેની વિશેષ નોંધ લેવી.

શુભેચ્છા સંદેશ

‘ગીતા’ - વિશ્વભરનું વસિયતનામું

તમે આંખ મિચો, અને તમને અંધારું ન દેખાય, પણ શ્યામ સુંદર કૃષ્ણનું મુખડું દેખાય, તો જાણજો કે, તમે બંધ આંખે ગીતાજી વાંચો છો..!

હે કાનકુંવર! -
કોઈ જો મીંચે આંખ, તો
એને અંધારું દેખાય;
હું જો મીચું આંખ, તો
મુજને મુખ તારું દેખાય...
જય હો...

હા, વાત જ વિશ્વંભરની કરવાની છે અને એના દિવ્ય દસ્તાવેજ સમી ગ્રંથગરિમા ‘ગીતા’ ની...!

હાથમાં લ્યો, તો ગ્રંથ છે, પણ જો હૈયામાં લઇ શકો, તો એ પંથ છે, એ ગીતાજી આમ તો પુસ્તક છે; પણ સમજો, તો માધવનું મુકુટ-નિભુષિત મસ્તક છે... તેથી જ ગીતાજી અમર ગ્રંથ છે... એટલે જ આપણે ‘ગીતા જયંતી’ ઉજવીએ છીએ પણ ગીતાનિર્વાણ તિથિ કહી નહી:

શ્રી કૃષ્ણ અને અખંડ દીવડાનાં તેજ જેવા ગ્રંથવિશેષ ગીતાજીની કાવ્યમય વંદના કરતી કૃતિઓનું પુસ્તક પ્રગટે, એ પણ ગીતા-પર્વ!

કૃષ્ણમય થવાની વાત કરે છે કવિયત્રી યોગિતા મહેતા -

વીરતાથી ક્રોધનું મેદાન જો છોડી શકે;
રૂપ રણછોડનું ધરી શકે,
તો તું પણ કૃષ્ણ થઇ શકે...

યોગ્ય યુદ્ધના હિમાયતી શ્રી કૃષ્ણ શસ્ત્રને પણ શાસ્ત્રનું ઘટક બનાવે છે... હા, લીલાધર તો મોરપિચ્છ વડે પણ હત્યા કરી શકે છે, અલબત, રંગહીનતાની....!

એવા કૃષ્ણ જયારે ગીતાજીના પ્રણેતા બને, ત્યારે કવિયત્રી પૂજાબેન ગઢવી ‘મંથના’ ના

શબ્દો યાદ આવે -

જીવનનો છે ઉત્તમોત્તમ
સાર ગીતાવાણી...

આ શુભ સત્યનું સમર્થન કરે છે કવિ ભરત ગોસ્વામી 'ભાવુક' ની આ વાત-

ભીતરનું છે ભાન ગીતાજી,
છે સત્યનું સન્માન ગીતાજી...
ગીતાજી, પથદર્શિકા છે, પણ
'ગાઈડ' નથી, પાઠ્યપુસ્તક છે,

કવિ હરીન્દ્ર દવે મર્મસ્પર્શી ગીત સર્જી ગયા... માધવ ક્યાંય નથી મધુવનમાં...! એમાંથી પણ માધવની પરોક્ષ હાજરીની સૌરભ તો છે જ... કહીએ કે, માધવની અનુપસ્થિતિ પણ અનુપ... સ્થિતિ બની ગઈ છે... તેથી આવું પૂછવા ધો કે... માધવ ક્યાં નથી મધુવનમાં..? એતો અત્ર-તત્ર-સર્વત્ર છે...

કૃષ્ણે સર્જેલી યુદ્ધસંહિતા અનોખી છે... યોગ્ય યુદ્ધ કરવાની અજ્ઞા એમેણે અર્જુનને કરી... સત્યવિજય માટેની એ યુદ્ધગરિમામાંથી આજના યુદ્ધખોર દેશોએ પ્રેરણા લેવી ઘટે...

અડગ આશયથી દ્રોહીઓનો સંહાર કરતાં યુદ્ધ જરૂરી છે... કવિયત્રી ક્રિષ્ના ગોરખા હિન્દી કવિતામાં કહે છે-

વિરોધી બને સમાજ જબ મેરા,
સત્ય સે ના ડગમગાઉં મેં...

એમ કહેવાય કે, યુદ્ધ સત્ય માટેની લડાયક ભક્તિ છે અને ભક્તિ સત્ય માટેનું અધ્યાત્મિક યુદ્ધ છે!

જય હો...

મીરાંની આવેશ મધુર ભક્તિ વિશે કવિયત્રી વાસવદત્તા નાયક સરસ પંક્તિઓ આલેખે છે-

'દીવાની મીરાં માધવને ભજતી ભીતર,
આ જોઈને મારે ગીતાનો પડછાયો થવું છે'

અહી 'દીવાની' ઉપનામ મીરાં માટેનું વિશેષણ બની ગયું છે.
કૃષ્ણજીનો આભાર માની પીઠ કવિયત્રી કોકિલા રાજગોર કહે છે-

કેશવ, મુજને બચાવી,
સારની ગીતા ભણાવી...

કૃષ્ણ-લીલાની વંદના બુઝુર્ગ સર્જક દેવેન્દ્રભાઈ પાઠક 'ઈગલ' આ રીતે કરે છે-

લીલા ન્યારી છે નાથ તમારી,
ભક્તિ-પંથે કરી બલિહારી...

તારણહાર તો તુચ્છનેય તારે છે,

જુઓ, ... કાનજીને વહાલી ગાય-
નો ચરણસ્પર્શ પણ કેવો અમુલ્ય!

રજ પણ ગોરજ,
ધૂળ પણ ગોધૂલિ થઇ જાય;
ગો-ચરણના સ્પર્શે મામૂલી
ધૂળ મહામૂલી થઇ જાય!
કાળિયાના શ્યામ રંગમાં કાળાશ
છે, કાલિમા નથી...
આમ પણ ખરાબ અંધારું
નથી, ખરાબ તો અંધેર છે...

તેથી જ ઘનશ્યામ અંધકાર નીવારું છે... કવિ 'પુષ્પ' હિન્દીમાં લખે છે-

આંખ ખોલ કર,
તેરા હી નૂર હે
અવાજ ઔર સાખ મેં, તેરા હી સૂર હૈ.

સર્વવ્યાપ્ત કૃષ્ણને પુષ્પાબહેન વૈધ 'અમી' આમ નવજે છે -
મટકી જાણે કે
બ્રહ્માંડ ભાસે...!
તો ભારતીબેન ભાનુશાલી કચ્છીમાં આ શબ્દો

હાંણે' તા' આઉં નતી રાં હિત હેકલી,
રવિ-કાન વસ્યા મૂંજે મન મેં...

કૃષ્ણની અકળ લીલા અંગે ડો. રમેશ ભટ્ટ 'રશ્મિ' ને લખવું પડ્યું-

તમને સમજું કે સ્મરું ?
તમે તો ગજબ ના હો!

માધવને 'માખણચોર' કહેવાયા, પણ મટકીમાં રહી જાય તો તો માખણ બગડી જાય ને! એનું તો વિતરણ થવું જોઇએ... માધવે એ જ કર્યું... તેથી જ 'મટકી-ફોડ' પર્વનું જ એક રમતિયાળ ઘટક છે...

કૃષ્ણ-રંગે રંગાયેલો પ્રત્યેક રચનાકાર સન્માનનીય છે...

ગીતાજી તો વિશ્વભરનું વસિયતનામું છે... ગીતાજી કર્મસંહિતા છે...

કૃષ્ણના તમામ લીલા-સ્વરૂપોમાં બાલકૃષ્ણનું રૂપ વિશિષ્ટ છે, જે આપણને પ્રેરણા આપે છે, કે બાળ સહજ, નિર્મળ અને રમ્ય ગમ્ય બનો; જીવતર સહજ, સફળ બનશે...

આવ સંગથી!
હટલને ભેરનુ ગુપચુપ આપણું
શૈશવ - શૈશવ રમીએ;

મોરપિચ્છ લઇ, છાનામાના
કેશવ-કેશવ રમીએ...

આ ‘મોરપિચ્છ’ હળવાશનું રંગમસ્ત પ્રતીક છે... હરીને ગમે હળવાશ...

જુઓ, આખો મોર સરસ્વતીજી પાસે આવ્યો; તો એને એમણે પગ પાસે સ્થાન આંશુ... પણ એકલું, હળવું, રંગીન પીચ્છું કૃષ્ણ પાસે આવ્યું... તો કૃષ્ણે એને છેકુ મુકુટમાં સ્થાન આપીને ____ હળવા થાય, હરી તમને અપનાવી લેશે...

કૃષ્ણ ગીતાના પિતા છે... પણ આ ગીતા એમની તનચા નથી, મનચા છે...

કર્મ દાતા કૃષ્ણ કર્મ-ધર્મનો મર્મ સમજાવે છે...

માધવ રાજધર્મના પરમ જ્ઞાતા છે, પણ એ રાજનીતિજ્ઞ નહી, કાજનીતિજ્ઞ છે... કર્મયોગના દિવ્યતમ ____ છે...
જય હો...
Give Vacha Foundation તેમજ Krup Music દ્વારા ગીતાપર્વનું સ્તુત્ય અને પ્રેરક આયોજન થયું છે... જન્મથી જ ક્લબફૂટ સાથે જન્મેલા બાળકોની નિશુલ્ક સારવાર માટે ઘર ઘર ગુંજે ગીતા નો ઉપક્રમ યોજાયો છે... એમાટે યોજકો ને શાબાશ છે; ધન્ય છે. આ શુભ નિમિત્તે પુસ્તક ઘરે ઘરે પહોચાડીને બાળ-સેવા માટે ફાળો એકત્રિત કરાશે... ___!
શિશુ - સારવારની શુભ પ્રાર્થના તથાસ્તુ થશે.
ગીતા વિતરણ દ્વારા ઘર ઘરનું વાસ્તુ થશે...!

મદનકુમાર અંજારિયા ‘ખ્વાબ’

શુભેચ્છા સંદેશ

ગીવ વાચા ફાઉન્ડેશન અને કૃપ મ્યુઝિકના સથવારે ડૉ. શ્રી કૃપેશભાઈ ઠક્કરને જાણે ભગવાન શ્રીકૃષ્ણએ આજ્ઞા કરી હોય તેવું લાગે છે નહીંતર આવું સુંદર સંપાદન કંઈ રમત વાત નથી ગુજરાતના ઉમદા સર્જકો પાસે કૃષ્ણ ગીતના વિષય સાથે પહેલ નાખવી અને દરેક સર્જક પોતાના સાહિત્ય ભાષામાંથી પોતાની મનપસંદ કૃષ્ણરૂપે કવિતા સંપાદક શ્રી ને અર્પણ કરી પુણ્યના કાર્યમાં સહયોગી થયાનો મનથી સંતોષ માને એ જ તો આ માનવ જગતની સાચી સેવા અને સાધના છે ૬૦થી પણ વધુ સર્જકો એક જ વિષય સાથે જ્યારે આપણી સમક્ષ પોતાની ભક્તિ રચના મુકતા હોય અને તે રચનામાં કાનુડો રાસ રમતો હોય ત્યારે ક્યાં વાચકને આનંદનો અનુભવ ન થાય? સમગ્ર ગુજરાત અને મુંબઈમાં વસતા ગુજરાતી કવિઓએ પોતાની કૃષ્ણરૂપી પ્રસાદીથી આ દિવ્ય ગ્રંથને જે રીતે સુશોભિત કરેલ છે તે અભિનંદનીય છે સાથે જ આવા સરાહનીય કાર્ય ભવિષ્યમાં કરતા રહે તેવા અંતઃ આશિષ છે.

સતિષભાઈ સખીયાથી દાદા દેવેન્દ્રભાઈ પાઠક સુધીની રચનાઓ વાંચતા હકીકતે ગીતાજીના દરેક શ્લોકમાંથી પસાર થયો હોય તેવી અનુભૂતિ થઈ ગિવ વાચા ફાઉન્ડેશન અને કૃપ મ્યુઝિક

આ રચનાઓનું સંગ્રહ પ્રકાશિત કરે છે સાથે જ સારી ઓડિયો સીડી પણ બનાવવી જોઈએ જેથી ગુજરાતના તમામ કવિઓને એક જ બેઠકે માણી શકાય, જાણી શકાય અને વાગોડી શકાય સંસ્થાની ઉમદા સેવામાં ભાગરૂપે આ સંપાદન યથાયોગ્ય અને પ્રેરણારૂપ બની રહેશે. સંપાદક શ્રી અને પ્રકાશકશ્રીને ઠક્કરને હૃદયથી અભિનંદન આપી આ કાર્યને મારી શુભેચ્છા પાઠવું છું સાથે જ આ સંપાદનમાં સહયોગ આપનારા અને સતત સાહિત્યની સેવા સાધનામાં મસ્ત એવા

પૂજાબહેન ઉપેન્દ્રકુમાર ગઢવી (મંથના), ડૉ.રમેશભાઈ ભટ્ટ (રશ્મિ), દીપકપુરી ગોસ્વામી (દર્દે દિલ) અને અંજલી બહેન સેવકને પણ અભિનંદન પાઠવું છું સાથે સાથ આવા ઉમદા કાર્યો કરતા રહો તેવી શુભેચ્છા.

ગૌતમ જોશી
ભુજ (કચ્છ)

શુભેચ્છા સંદેશ

ભારતીય સંસ્કૃતિના પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણનાં બહુ આયામી વ્યક્તિત્વ વિશે ગ્રંથો લખવા પણ ટૂંકા પડે ત્યારે મહાયજ્ઞમાં આહુતિ સમાન એક જ વ્યક્તિ વિરાટ પુરુષની કળાઓ વિશે કચ્છી,ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં કૃતિઓનો અદ્ભૂત સંગ્રહ પ્રગટ થઈ રહ્યો છે એને મારાં અંત: કરણ પૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

ડૉ. રમેશ ભટ્ટ (રશ્મિ)
ભુજ (કચ્છ)

૧. ગીતા

ગીતા વાણી ગોવિંદ તણી, કુરુક્ષેત્રના મેદાનમાં ગવાય.
સમજાવે સિદ્ધાંતો કર્મના, કે આ જીવન કેમ જીવાય?

સુખ દુઃખ આવે જીવનમાં, પણ માનવધર્મ ન ચૂકાય.
મોહમાયા છે મિથ્યા બધી, એમાં આસક્ત નવ થવાય.

વિરાટ રૂપ વિશ્વંભર તણું, ધનુર્ધરને ત્યારે સમજાય.
શંકા-કુશંકા દૂર કરી પાર્થની, ધર્મયુદ્ધ કરવા તૈયાર થાય.

વચન દીધું ભગવાને વિશ્વને, ગીતા જ્ઞાનથી મોક્ષ પમાય.
છે શબ્દો શ્રીકૃષ્ણના એવા, કે એમાં ચારેય વેદ સમાય.

કોટી કોટી વંદન કરે 'સતિષ', ને મા ગીતાનાં ગુણલા ગાય.

સતિષ રાણાભાઈ સખિયા

૨. ભગવદ્ ગીતા

પ્રથમ અધ્યાયે જાણ આજે લડે શૂરાતન,
સામે જોઈ બાંધવ, અર્જુન ત્યાગે શસ્ત્રો ત્યાંજ.
બીજા અધ્યાયે જે જન્મે એનું મોત નિશ્ચિત,
આત્મા છે અમર તારો, તું ન જો સગા સંબંધ.
ત્રીજા અધ્યાયે કર્મ જે કરે તે પૂરા મનથી તારા,
તારા પાપ નહિ વધે જો થાય તારો કામ વશ.
ચોથા અધ્યાયે કાનો વચને બંધાય રક્ષા કેરી કાય,
નિર્ણય ત્યાગી રાખી સાચી શ્રદ્ધા સોંપી દે કાય.
પાંચમા અધ્યાયે દ્વેષ અને રાગ તારા ત્યાગી દે,
કર્મને જીવન માની, પાપ-પુણ્ય છોડી યોગમાં લાગ.
છટ્ઠે અધ્યાયે સંન્યાસ થકી સુખ દુઃખના છોડ ન્યાસ,
સંકલ્પ પર નિશ્ચિત થઈ, કર્મ કાઢી લેશે તેનો કસ.
સાતમે અધ્યાયે રાગ-દ્વેષ છોડી કૃષ્ણ ભક્તિ કર,
દરેક રૂપમાં મારો વાસ, જે નામે ભજે દર્શન ત્યાંજ.
આઠમે અધ્યાયે બ્રહ્મની છે વાત અહમ ત્યાગી તું જાણ,
જીવન ભર રટ મારુ નામ, હું જ છું તારો એકજ તાત.
નવમે અધ્યાયે જોઈ લે કણ કણમાં છે મારું નિવાસ,
ભક્તો કેરા જળ-સ્થળ, જડ-ચેતન મારી યોગક્ષેમ પાસ.
દશમે અધ્યાયે જગમાં લાગે શ્રેષ્ઠ, તેજ મારું રૂપ!
આખી દુનિયાનો હું જ ભૂપ, વ્યાપી મારી તેજ ધૂપ.
અગિયારમે અધ્યાયે તેજથી ભરેલું મારું વિરાટ સ્વરૂપ,
આળશ છોડી, કર્મો કરી પામીશ મને તું ત્યાંજ.

બારમે અધ્યાયે કર્મો મારામાં અર્પણ કરી બુદ્ધિ કેરી વાત,
કર્મ ફળની આશ છોડી સ્વાધ્યાય જોરે રાખ ઈચ્છા વશ.
તેરમે અધ્યાયે તન તારું ક્ષેત્ર ને ત્યાંજ મારું નેત્ર,
એક સમાન જોઈ સર્વને આત્માનો ઉદ્ધાર ત્યાંજ.
ચૌદમે અધ્યાયે સત્વ, રજ અને તમોગુણથી રહી તવ,
જીતી લે આ ત્રણે ગુણ તું, મળશે તને બ્રહ્મ કેરો તાત.
પંદરમે અધ્યાયે કર્મના બંધન લાગે જાણે પીપલ વૃક્ષ,
વૈરાગ્ય રૂપી શસ્ત્રો વડે જગના તૂટે આ અનેરા રૂપ.
સોળમે અધ્યાયે રાખ હૈયે દયા કામ, ક્રોધ, લોભ છોડ.
આત્માના ઉદ્ધાર કાજે આસુરી ગુણો તારા ત્યાગ.
સત્તરમે અધ્યાયે થાય શ્રદ્ધા કેરી અહીં છે વાત,
હરિ ૐ તત્સત્ સત્વગુણી ફળ ત્યાગી જીવન પામ.
અઢારમે અધ્યાયે કર્મ છોડવામાં નથી કોઈ મર્મ,
સાંભળી લે તારું કર્મ ને દેહ છૂટે ત્યાંજ બસ ધર્મ.
આંખો ખુલી સાંભળી ભગવદ્ ગીતા તૂટ્યો એનો મોહ,
ફરી પાછા શસ્ત્રો ઉઠાવી અર્જુન યુદ્ધ લડવા તૈયાર થાય.

અંકિત ચૌધરી (શિવ)

૩. મુક્તક

મનમાં અલગ સૌના સવાલો હોય છે.
ગીતામાં છૂપાયા જવાબો હોય છે.
અર્જુન બની આખું જગત એ સાંભળે,
જે સત્ય, ઉપયોગી વિધાનો હોય છે.

હ્દયમાં કૃષ્ણને સ્થાપીને, અજવાળું કરી લેજો.
એ આતમ પૂંજને આપીને, અજવાળું કરી લેજો.
ન રાખો ફળની આશા, કર્મ નિજના સૌ કરો જગમાં,
એ ગીતા જ્ઞાનમાં વ્યાપીને, અજવાળું કરી લેજો.

અલ્પા વસા (કાવ્યાલ્પ)

૪. અર્જુન વિષાદ

અર્જુનના વિષાદે સર્જ્યો ઇતિહાસ,
મળી ગીતા માનવને પાથરવા ઉજાસ!

કેમ કરી વાર કરું મારા ભાંડુ પર?
પિતામહ ગુરુના આશીર્વાદ શિર પર!
ના કરીશ ચિંતા હું છું તારી પાસ.... મળી.

રમતાં ને ભણતાં તપોવનમાં સાથે,
શા માટે શસ્ત્રો ઉઠાવું હું સામે?
ગાંડીવ લે હાથમાં તું શાને ઉદાસ!..મળી.

શરીર નાશવંત પણ આત્મા છે અમર,
અધર્મ સામે લડવા કસી લેજે કમર!
જોઈ વિરાટ રૂપ જાગ્યો વિશ્વાસ.. મળી.

છોડી વિષાદ યુદ્ધ કરવા તૈયાર છે,
સારથિ શ્રીકૃષ્ણની કૃપા અપાર છે!
પાર્થના જીવનમાં કેશવ છે ખાસ.. મળી.

ડૉ. સંજય પટેલ (સ્વયં)

५. मैं भागवत गीता कहलाता हूँ

ज्ञान से भरी भंडार हूं
कहते भागवत गीता है
18 अध्याय में हुं बटाँ
श्री कृष्ण का अलौकिक ज्ञान हूँ मैं

हैं शास्त्र , पुराण, ग्रंथ कई
इन सबका मैं आधार हूं
हूं कृष्ण की वाणी मैं, मैं भागवत गीता कहलाता हूं

बीते कई युगो युग हैं
मैं आज भी शिखर सा अडिग हूं
कोई रोक न सका मुझे,
मैं ऐसा दिव्य चमत्कार हूं
हूं कृष्ण की वाणी मैं, मैं भागवत गीता कहलाता हूं

जानो जो जीवन का लक्ष्य
हर सवाल का मैं जवाब हूं
जो समझ जाओ यूं मुझे
तो हर पहली का प्रतिवादन हूं
हूं कृष्ण की वाणी मैं, मैं भागवत गीता कहलाता हूं

आत्मा से आत्मा के मिलन का सार हूं
न मोह माया का भंडार हूं
जीवन का अर्थ समझाने हेतु,
कई भ्रम तोड़ दिए मैंने

अब तो तुम जीवन सुधारो,
मैं व्याप्त प्रयाप्त हूं
हूं कृष्ण की वाणी मैं, मैं भागवत गीता कहलाता हूं

जो समझ सको तो ज़रा ग़ौर करना
मुझे यूं बंद अलमारी में न रखना
जीवन की भाग - दौड़ में,
ज़रा सा समय मुझमे भी बिताना
मत बुलना कुरुक्षेत्र युद्ध का सार हूं
हूं कृष्ण की वाणी मैं, मैं भागवत गीता कहलाता हूं

पायल मेघाणी (ख़्वाब)

६. कृष्ण – गीता : मैं और श्री गीता जी

हारे मन जग में मेरा, गीता नाम पुकारू मैं...।
भटके राहें मंजिल से मेरी, गीता राह निहारू मैं।

तोड़े साहस कुशब्दो से कोई मेरा, गीता सार सुना दूं मैं।
बन कर खड़ी होऊ जब दृढ़ अर्जुन की छवि विचारू मैं।

जब देखू दुनियां में स्वार्थ रूप, तब कर्ण का दान स्मरणु मैं।
विरोधी बने समाज जब मेरा, सत्य से ना डगमगाऊ मैं।

कृष्ण – गीता थामे, हर परिस्थिति से लड़ती जाऊं मैं।
संक्षिप्त से जीवन में, विस्तृत चलती जाऊं मैं......
असीम चलती जाऊं मैं.....
अनंत चलती जाऊं मैं.......!

क्रिष्ना गोरखा (आवाज़)

૭. કૃષ્ણલીલા

સમજાવ કાનુડાને તારા યશોદા માડી,
મટકી અમારી મહીની ફોડે છે દાડીદાડી.

રોકીને માર્ગમાં એ માખણ ને મિસરી માંગે,
ના દઈયે તો અમારું ઢોળી મહી બગાડે,
કપડા અમારા ચોરે નહાતા અમોને ભાળી,
મટકી અમારી મહીની ફોડે છે દાડીદાડી.

ગોકુળની ગલીમાં જ્યાં ત્યાં બધે નડે છે,
વૃંદાવને એ આડો વનમાળી થઈ પડે છે,
નચવે અમોને દાડી એ વાંસળી વગાડી,
મટકી અમારી મહીની ફોડે છે દાડીદાડી.

બ્રહ્માંડ તેના મુખમાં જોયું છે તે જેદિ'થી,
માથે ચડી ગયો છે ઈશ્વર ગણ્યો તેદિ'થી,
તે લાડ બહુ લડાવી દીધો છે ખુદ બગાડી,
મટકી અમારી મહીની ફોડે છે દાડીદાડી.

યમુના કરી છે મીઠી કાળોતરાને મારી,
વધ કંસનો કરીને 'મા' દેવકી ઉગારી,
ઉપકાર તેના છે તો કરવી નહીં શું ચાડી?
મટકી અમારી મહીની ફોડે છે દાડી દાડી.

પ્રવીણ વાછાણી (દિલેર)

૮. કૃષ્ણ ભક્તિ

હે કૃષ્ણ તમારી વેણુના સુર થઈ વીંધાવું છે મારે
શ્રી વલ્લભના કાનેથી પુષ્ટિ રસમાં ભળવું છે મારે

હે કૃષ્ણ તમારી વેણુંના સુર થઈ વીંધાવું છે મારે
વેણુંના નાદે ભક્તોની ભક્તિમાં ભમવું છે મારે

હે કૃષ્ણ તમારી વેણુના સુર થઈ વીંધાવું છે મારે
વેણુનો નાદે અખિલ બ્રહ્માંડમાં ભમવું છે મારે

હે કૃષ્ણ તમારી વેણુના સુર થઈ વીંધાવું છે મારે
ગોપ ગોપી રાધાના વિરહના ગાનમાં ગુંજવું છે મારે

હે કૃષ્ણ તમારી વેણુના સુર થઈ વીંધાવું છે મારે
માખણ મીશ્રી દહીં હાંડી જેટલું વ્હાલુ થવું છે મારે

હે કૃષ્ણ તમારી વેણુના સુર થઈ વીંધાવું છે મારે
વ્રજભૂમિમાં વાસ કરી તમારો દાસ થઈ રહેવું છે મારે

હે કૃષ્ણ તમારી વેણુના સુર થઈ વીંધાવું છે મારે
નાથી લૌકિક ઇચ્છા નિત્ય લીલામાં સમાવું છે મારે

યોગેશ વ્યાસ

૯. ગીતાનો પડછાયો થાવું છે

એ રામ બને તો સીતાનો પડછાયો થાવું છે,
મહાભારત વાંચી ગીતાનો પડછાયો થાવું છે.

સપનાં પૂરાં કરવા જાત કરે છે કાળી માટે,
મા છોડી મારે પિતાનો પડછાયો થાવું છે.

કાગળ પર રગરગ નીચોવી પીડા ઉતારી છે,

એ ગઝલોની અસ્મિતાનો પડછાયો થાવું છે.

સંસ્કારો જો તપવાથી મળતા હોય ભલા માણસ,
તો મારે હર એક ચિતાનો પડછાયો થાવું છે.

"દીવાની" મીરાં માધવને ભજતી કાયમ ભીતર,
આ જોઈ મારે ગીતાનો પડછાયો થાવું છે.

વાસવદત્તા નાયક (દીવાની)

૧૦. પ્રભુ

તું અગર ઊભે ઝરૂખે ચિત્ર દોરી લઊં પ્રભુ!
સ્વપ્ન સંવેદન, અનેરો ભાવ ઘોરી લઊં પ્રભુ!

આ છટા તારી જ મનભાવન મને ગમતી અરે!
કાળજામાં એ અદા મસ્તાન કોરી લઊં પ્રભુ!

વાંસળીના સૂર ચીરી ઊર ભીતર ઉતરે,
સ્નેહ કેરા તાંતણે મુજ ઓર દોરી લઊં પ્રભુ!

નેહનાં બંધન નિભાવું જિંદગીભર વ્હાલથી,
ભાવનાનું આ જગત આખુંય ચોરી લઊં પ્રભુ!

દૂરતા સહેવાય ના 'ઊર્મિ', હૃદય કોમળ થકી,
તુજ દરશ આ આંખ ઓજસમાં જ ઓરી લઊં પ્રભુ!

મંજુલા ગજકંધ ઘેલા (ઊર્મિ)

૧૧. તું મને બહુ ગમે છે

કહે કાન્હને રાધા, તું મને બહુ ગમે છે;
કહે વાત ફરી એ જ, તું મને બહુ ગમે છે.

વૃંદાવન ધામે યમુનાને કાંઠે,
ગોપીઓ સાથ તું રાસ મુજ સંગ રમે છે;
કાન્હ, તું મને બહુ ગમે છે.

નાથ દ્વારિકાનો ભરથાર રુકમણીનો,
રગેરગમાં મારી તું નિત્ય ધમધમે છે;
કાન્હ, તું મને બહુ ગમે છે.

સૌ સ્વજનો વચ્ચે ઝૂરતી હું વિરહમાં,
દુઃખો સઘળાં મારા તુજ સંગમાં શમે છે;
કાન્હ, તું મને બહુ ગમે છે.

ઉત્તમ મોતા

१२. हरे कृष्ण

हरे कृष्ण अरे कृष्ण ये तूने क्या किया
मैंने जिसको दिल दिया तूने उसको पा लिया

मेरे प्रीतम हैं मेरी आँखों के तारे
मेरे दिल के चैन और प्राण से भी प्यारे
क्यूँ बने हो फिर भला तुम उसके पिया.... हरे

राधा मीरां हैं तरी, तेरी हैं गोपियाँ
और तेरे भक्तों में अनगिनत हैं छोरियां
फिर भी कान्हां क्यूँ तेरा नहीं भरा है जिया... हरे

तेरे कारन मेरे पिया हो गए पराए
कैसा ये बैर तू मुझसे निभाए
क्यूँ रे कन्हैया कहो मैंने तेरा क्या लिया... हरे

मुझ को वो न याद करे, मुझसे वो न बात करे
तेरा रटन वो दिन और रात करे
कैसा जादू नंदकिशोर तूने उसपे कर दिया..हरे

देख भी न पाऊँ, उन्हें कहे भी न पाऊँ
तू ही बता दे में कहाँ अब जाऊं
क्यूँ जलाते श्याम हो मेरा इतना जिया....हरे
चंद्रकांत धल

૧૩. કૃષ્ણ

તમને સમજું કે સાંભળું?
તમે તો ગજબના હો...
માખણ ચોરીને ખાધું
કાળીનાગને નાથ્યો
ગોપીઓને ઘેલી કરી
પાંડવોને જીતાડ્યા
મીરાંબાઈને વિષામૃત કરાવ્યું
સુદામાની ભૂખ ભાંગી
અર્જુનના સારથિ બન્યા
કંસનો વધ કર્યો...
તમારાં હજાર નામો અને કામો
આખો કક્કો રાખ્યો...

કૃષ્ણ...તમે વાંસળી,મોરપિચ્છ,માટી,ગોકુળ,વૃંદાવન....
અરરરરર
માથું ચકરાઈ જાય...
કૃષ્ણ
તમને સાંભળું કે સ્મરું?

ડૉ.રમેશ ભટ્ટ (રશ્મિ)

૧૪. વાંસળીના સૂર

છેડયાં છે કાને આજે, વાંસળીના સૂર... (૨)
સુણાયા સાદ એનાં, બહુ દૂર દૂર... (૨)

હીરે મઢેલી છે વાંસળી એની,
લટકે છે ફૂમતાં વાંસળીયે એની,
ડોલે છે હર કોઈ, બની ચકચૂર... (૨)
છેડયાં છે કાને આજે, વાંસળીના સૂર... (૨)

કદંબ ડાળે બેઠા છે વટથી,
બજાવે મધુરી બંસી છે કાનજી,
ઝૂમી છે અવની, બની ગાંડીતૂર... (૨)
છેડયાં છે કાને આજે, વાંસળીના સૂર... (૨)

વૃંદા તે વનમાં ગોપીઓ સંગાથે,
જામ્યો છે રાસ આજે બંસીના તાલે,
પ્રભુના હેત તણું, આવ્યું ઘોડાપૂર... (૨)
છેડયાં છે કાને આજે, વાંસળીના સૂર... (૨)

શાહ વિજયકુમાર કેશવલાલ (વીજ)

૧૫. મને સાંભરે રે

યમુનાકિનારે વ્હાલો મને સાંભરે રે!
કાના સાથેનો નાતો મને સાંભરે રે!

ખોવાયો મારો કાનો ખોળું ઘાટે ઘાટે
સંયોગ-વિયોગ માણું શોધું વાટે વાટે

ન ભૂલું કાનાએ ઝાલ્યો’તો મારો પાલવ,
લપાઈ પ્રીત તેમાં સ્નેહે નિતરે આસવ!

પ્રીતનાં તોરણ બાંધ્યાં પલકે પલકે,
આંસુનું ઝરણ વહે મંદ સ્મિત છલકે!

રજમાં આળોટ્યા કૃષ્ણ સંગે, સાંભરે રે!
વ્રજકન્યાને કૃષ્ણ નિત્ય સાંભરે રે!

ભરત સંઘાણી

૧૬. ગીતાનો સાર

ગીતા જીવનનો સાર છે, કર્મનું ભાથું બાંધી લેજો....
જીવન તો જીત અને હાર છે.

કરશો જો સારાં કર્મો તો મળશે તેનાં ફળ અવશ્ય.....
પાપ અને પુણ્યનુ આજ તો છે રહસ્ય.

ઊંચ, નીચ, તારું, મારું છોડી માનીએ આપણું.....
તો મળશે સંતોષનું સુખ અવશ્ય.

ચાલશો સત્યનાં માર્ગ પર, તો મળશે શુભ ફળ.......
તો ચિંતા છોડી સત્કર્મ તું કરજે.

કહ્યું સારથી શ્રીકૃષ્ણ,બસ તું તારું કર્મ કર, ફળની આશા છોડી દે.

હશે જો ભાગ્યમાં સુખ, ખ્યાતિ તો મળશે જરુર....
સારાં કર્મો કરી મોક્ષનું ભાથું તું બાંધી લે.

વર્ષા ભટ્ટ (વૃંદા)

૧૭. કૃષ્ણ ગાથા

મુરલી મનોહર મોરપીંછ ધારી,
કૃષ્ણ કનૈયા તારી લીલા ન્યારી.

કાળો ને તું કામણગારો,
રોહક મધુર મુરત પ્યારી.

બાળવસ્થામાં તે પરાક્રમ કીધો,
પ્રભુએ ઉપાડ્યો ગોવર્ધન ભારી.

શોર્ય તારું સખડ જગત એ દીઠું,
એ જ સંદેશો આપે ગીતાતારી.

દિપકપુરી ગોસ્વામી (દર્દે દિલ)

૧૮. ગીતાની વાણી

અર્પણ કરી સાક્ષાત પરબ્રહ્મે પાવન વાણી;
નીસરેલી છે કૃષ્ણ મુખારવિંદે ગીતાની વાણી.

વ્યર્થ સઘળાં રત્નજડિત હીરા ગીતાજી તોલે;
છે!આભૂષણ આત્માનાં ઉદ્ધારનું ગીતાની વાણી.

વિવિધ યોગ અઢાર અધ્યાયમાં છે વિભાજિત;
જીવનનો છે ખરો! ઉત્તમ સાર ગીતાની વાણી.

અર્પણ કરે બ્રહ્મવિધા સદૈવ શ્રેષ્ઠ સંવાદ;
ભક્તિભાવથી શ્રદ્ધા વડે સાંભળો ગીતાની વાણી.

ધૃષ્ટ ધીંગાણા કર્યા જીવનભર જાણે અજાણે;
છેલ્લી ઘડીએ વારંવાર વાંચી છે ગીતાની વાણી.

પૂજા ઉપેન્દ્રકુમાર ગઢવી (મંથના)

૧૯. ગીતાજી

ભીતરનું છે ભાન ગીતાજી,
છે સત્યનું સન્માન ગીતાજી,

લાચાર બનીને ઉંઘતા પાસે
છે જાગવાનું ગાન ગીતાજી,

સંબંધોમાં નર્વસ બનેલાંને
યુદ્ધનું છે ઉત્થાન ગીતાજી,

ધર્મની ધજા બની લહેરાતી
સંસ્કૃતિનું છે માન ગીતાજી,

બાળ બની ઉગી નીકળેલી
કુંપળોની છે શાન ગીતાજી,

સદા કર્મ, ધર્મ ને મર્મ તરફી
છે 'ભાવુક' ધ્યાન ગીતાજી,

ભરત ગોસ્વામી (ભાવુક)

૨૦. પાર્થ બનાવશે

છે અંતરમાં આશા મને,
પ્રભુ પાર્થ બનાવશે મને.
વિષાદ યોગના વિષાદોમાંથી;
રસ્તો બતાવશે પ્રભુ હાથ ઝાલી;
મારે ગીતા બચાવવી પડે;
પ્રભુ પાર્થ બનાવશે મને.
કર્મભક્તિને જ્ઞાનના દ્વારા;
સમજી શકાશે પ્રભુની ભાષા;
મને પ્રભુ ચરણોમાં ગમે;
પ્રભુ પાર્થ બનાવશે મને.
સત્યના સાથ માં રહે છે સદા;
અસત્યોને સમજાવે સદા;
દાદા આશિષ આપે સૌને;
પ્રભુ પાર્થ બનાવશે મને.
મારા જીવન રથ ને કાજે;
યોગેશ્વર જરૂર પધારશે;
બનશે ખુદ પ્રભુ સારથી ને;
પ્રભુ પાર્થ બનાવશે મને.

વિનોદ માણેક (ચાતક)

૨૧. સારાંશ

હે!, કૃષ્ણ, હે!, બલદેવ દુ:ખોથી ઉગારો ને! મને,
મોહાંધ કરતાં સુખ-વૈભવથી ઉગારો ને! મને.

ભગવંત એ ઉપદેશનો સારાંશ સમજાવો મને,
આક્રંદ કરતાં કૃષ્ટ ઉદ્વેગથી ઉગારો ને! મને.

અર્જુનના સાચા સહાયક આપ યોગેશ્વર છો,

કળિયુગના લંપટ કપાતરથી ઉગારો ને! મને.

મનની બધી વિટંબણાઓ જાત છળતી હોય છે,
સંસારની આ સર્વ માયાથી ઉગારો ને! મને.

હે વિશ્વવિભૂતિ! સમગ્ર જગના પ્રણેતા આપ છો,
મારા હૃદયની દર્દને ગુંથી ઉગારો ને! મને.

અનિલ દવે (અનુ)

૨૨. કૃષ્ણ લીલા

પરોઢ થાય પ્રભાતિયા ગવાય ગોકુળ ગામે,
મહીં વલોણું નવનીત નીપજે કાનુડો ખાય.

રમવા જાય ગેડી દંડો લઈને સખા સંગાથે,
યમુના ઘાટે કાળીયા નાગ માર્યો અનેક લીલા.

રાસ રચાવે ગ્વાલ ગોપીઓ સાથ વૃંદાવનમાં,
મથુરા જાય મામા કંસને મારે કુમળી વયે.

રાધાજી હૈયે રુકમણિજી સંગે મીરા દિવાની,
વાંસળી છુટી સુદર્શન ધરતાં એ ગિરધારી.

રણ છોડીને દ્વારિકા ગામ જાય ગોમતીઘાટ,
યુધ્ધ મેદાન અર્જુનના સારથી ગીતાજી જન્મે.

એ યોગેશ્વર લાલો કાનો કે કૃષ્ણ રૂપ અનેક,
પારધી હસ્તે ભાલકા તીર્થ સ્થાને લીલા સમાપ્ત.

હીરલ હેમાંગ ઠકરાર (રંગ)

૨૩. બંસી તૉજી લીલા

ફૂંક મારી કરે જાધૂ કાનો ખિલૅ,
બંસી તૉજી બાજી.
સચરાચર આખો ભાન ભુલૅ,
બંસી તૉજી બાજી.

આકડ઼ વિકડ઼ ગોપીયું,કમ ઊંધા સૂંધા,
કરી કામણ નટખટ ટિલૅ,બંસી તૉજી બાજી.

ચપેં રતૂંભડ઼ે ડિસી રાધા પિઈ ધુખ્ખૅ,
સુણી તરબતર મન ડુલૅ,બંસી તૉજી બાજી.

સુરેં સુરેં પગ થિરકેં,રાસલીલા જમૅ,
રમાડી આંગરીયેં વિચ પલૅ,બંસી તૉજી બાજી.

કડંબ જી છાઈ મેં, ઘેરો અચી સંગ વિચૅ,
'કુસુમ' અડ અડ પ્રેમરસ છિલૅ, બંસી તૉજી બાજી.

કુસુમ ગાલા(કુસુમ)

૨૪. કૃષ્ણ

રુક્મિણી ભરથાર દ્વારિકા,નગરના નાથ છો.
પ્રેમ સૂરો ગૂંજતા રાધા તણાં તુમ કાન છો.

મોરલીના નાદથી ગોકુળ બને ગુલતાન જે.
નંદ બાબા માં જશોદાના હ્રદયના પ્રાણ છો.

ના રહ્યું કો ભાન ખુદનું ઝેર પીધું ભાવથી.
ભક્તિ રોમે રોમમાં મીરા તણાં તો શ્યામ છો.

પોટલી તાંદુલ સુદામાજી ધરે ઉમંગથી.
દ્રૌપદીને સ્હાય કરનારા સખા સમ ભ્રાત છો.

જ્ઞાન ગીતા પાર્થને દઇ સત્ય સમજાવ્યું તમે.
'દિવ્ય'મોહિની સમાં પ્રેમાનુભૂતિ પ્રાસ છો.

દિવ્યા દેઢિયા (દિવ્ય)

૨૫. કૃષ્ણ

રાધાને કાનનો પ્રેમ કયાં વિસરાય છે,
રાધાના હર રોમમાં કૃષ્ણ સમાય છે.

રાધાના હ્દયમા કૃષ્ણ જ એક નામ છે,
કૃષ્ણની પ્રેમ સમાધિમાં રાધાજપ નામ છે.

જમનાના તટ પર ગોપીરાસ રચાય છે,
કૃષ્ણનાં બંસી સૂરમાં રાધા નાદ સંભળાય છે.

કૃષ્ણનાં પ્રેમહ્દયમાં રાધા સમાય છે
તેથી ગરમદુગ્ધથી કાયા દઝાય છે.

એક નજરથી રાધા કાન અલગ જણાય છે,
પણ સાચે રાધાકાન એક જ મનાય છે.

પ્રેમ તો રાધાકૃષ્ણનો અમર ગણાય છે ,
નામમાં પણ રાધા વિણ કૃષ્ણ આધા જણાય છે.

નિર્મળ નિર્દોષ પ્રેમની આજે અોછપ જણાય છે,
એટલે જ પાક પ્રેમ આજે બદનામ ગણાય છે.

જાગૃતિ કૈલા (ઊર્જા)

૨૬. કાન - રાધા

ગોકુળ તજી મથુરાના રાજા બન્યા કુંવર કાન,
વિરહ-વેદના ઝૂરે રાધા ગોકુળમાં પરેશાન..

સૂની ગાવલડી સૂના ગોપબાળ નેં વૃંદાવન,
કર્ણપટલે નિશદિન ગુંજારવ કૃષ્ણગીતોના ગાન...

રાધાના ચિત્તમાં પડઘાય વંસી સૂરના ગાન,
કૃષ્ણપ્રેમે બહાવરી ગોપીઓ ભૂલી ભાન..

રાધાજી ઝંખે કૃષ્ણને રાત'દિ આયખું લાગે વેરાન,
મુરલીધર બિરાજે રાધા હ્રદયે મથુરાના માત્ર મહેમાન...

કાન-રાધાનો અમર છે પ્રેમ એકમેકમાં લીન,
કાનજીનો પર્યાય રાધા ગૌરી તો રાધાનો છે કાન!

રામજી જોશી રામ

૨૭. આવોને શામળિયા

માધવ માધવ રોજે રટતી, આવોને શામળિયા,
દર્શન કાજે આંખો તલખી, આવોને શામળિયા.

ગોકુળ વાસી મોહન ખાતા, માખણ ચોરી ચોરી,
ગોપી ભાવે કાયમ ધરતી, આવોને શામળિયા.

મામો માર્યો, માસી મારી, નડતર દીધાં ગાળી,
દ્વેષો સઘળાં હું તો ખરતી, આવોને શામળિયા.

રણ છોડી રણછોડ બની, દીધું માન સમયને પણ,
ગુણલા તારા ગાતી ફરતી, આવોને શામળિયા.

ગીતાનાં ગાનાર તમે તો, છો મહાનાયક જગનાં,
મીરાં, રાધા થઇ 'શ્રી' ભજતી, આવોને શામળિયા.

જીવતી પીપલીયા (શ્રી)

૨૮. હરિનું નામ

શ્વાસે શ્વાસે પ્રાણ મારો હરિમાં ભળે છે આજ...
શ્વાસ છૂટે તોય ના છૂટે મારાથી હરિનું નામ....
છોને દેહ બળતો મારો તુજને મળવા કાજ....
મન આતમ તારા થાય છે જગનું શું રે ભાન......
ભક્તિ કરતા જો કષ્ટ થાય તો
કેમ ભજુ તુજને આજ....
કંટાળા સંસારથી ઉગાર્યો મને રાખી મારી લાજ....
ચહેરો નિર્મળ રમ્યા કરે નયનો સમીપ આજ......
ભક્તિ કેરી નાવમાં બેસી મળવા આવું આજ.....
ચિંતા શાને મારા નાથ હું તો આવું તારે ધામ.......
હરી આવું તારી પાસ સૂણી તારી મોરલીનો સાદ.....
ચરણોમાં દેજો સ્થાન શ્યામ.....
હૈયે દેજો હામ.....
તો તુજ વિના કોણ તારશે
નાવિક એક તું જ છે આધાર...
શ્યામ તારો જ મને આધાર..

કીર્તિ પટેલ (ઓજસ)

૨૯. તારા વિના

કાન તારી વાંસળી ના સૂર વીના ઉઝરડા પડ્યા સંગીતમાં
ઉછીના લાવ્યા જે શ્વાસ સઘળા તણાયા આંસુના પૂરમાં.

યમુનાના નીરને નૂપુર પહેરાવું તો ડૂસકાં સંભળાય નાદમા.
હાફડી ફાફડી લહેરો જેવા ચંચળ હૈયા બેસાડું કયા ઘાટમાં.

કદંબની ડાળ ઘૂંટ્યા કરે હજુ ચીરહરણના કસુંબલા ,
વનરાવન ના ડાળ પાન ને ચડ્યો છે કેફ કાનનો નથી આવવું હવે ભાનમાં.

જમણી આંખ ટોડલીયે ટીંગાડી ને ડાબેરી ગામને ગોંદરે
ગોધૂલી વેળા એ ઉડતી ગોરજ ની જેમ શ્વાસો છે હજુ ભીંસમાં.

અન્ન કાન ,શ્વાસ કાન ,પ્રાણ કાન ,ગોકુળિયું રમમાણ છે હજી કાનમાં,
ઉદ્ધવે જ્ઞાનનું અભિમાન કોરાણે મેલ્યુ તો પામ્યા ભક્તિરસ ગોપી ગીત માં.

લતા સોલંકી

૩૦. હજાર હાથ વાળો

હજાર નામ વાળો હજાર હાથ વાળો ...
ચક્રધર, ધરણીધર, કૃષ્ણ, કાન કાળો ...

ગોકુળમાં ગ્વાલ બાલ સંગ હોળી ખેલે ...
વનરાવન ગોપી સંગ રાસ લે હિલોળે ...
મુરલીધર, માધવ, ઘનશ્યામ, છોગાળો ...
હજાર નામ ... ...

કુબ્જાને રૂપ, સુદામાને મ્હેલ દીધા ...
નિઃશસ્ત્ર તોયે લડી ઠગ ઠગી લીધા ...
વાસુદેવ, નંદલાલ, નટવર નામ વાળો ...
હજાર નામ ... ...

હજાર નામ વાળો, હજાર હાથ વાળો ...
ચક્રધર, ધરણીધર, કૃષ્ણ, કાન કાળો ...

હરિ શુક્લ

૩૧. રણછોડ

માધવ વળીને કાનજી,રણછોડ તારું નામ છે,
ઉધ્ધાર પામર જીવનો,આ એક તારું કામ છે,

ગોવિંદ ગોપાલા બની,ગોકુળને હંફાવતા,
ગોપી મટુકી ફોડવી,વ્રજ એક તારું ધામ છે,

બલરામ સંગે મિત્રતા,રાખી કઠણ મારગ મહીં,
તાંદૂલ લઈને ઋણ સુદામા ભર્યુ એ હામ છે,

રાધા કૃષ્ણની બેલડી,મન મોહતી સૌ કોઈનું,
તે દ્રૌપદીનાં ચીર પૂર્યા એ જ મોટા કામ છે,

વિરાટ રૂપે પાર્થને દર્શન કરાવ્યાં તેજનાં,
રણભૂમિ છોડી દ્વારકા નાસી ગયાં ઘનશ્યામ છે,

સરોજ રાણા

૩૨. ગીતા જયંતિ

માગશરસુદ એકાદશી ને કુરુક્ષેત્રની રણભૂમિમાં,
પ્રભુના સ્વમુખેથી નીકળેલ અમૃતજ્ઞાન તે ગીતા.

ના મારો, ના તમારો, વૈશ્વિક ગ્રંથ છે આ ગીતા,
માનવને જીવનસંગ્રામમાં હિંમત આપે ગ્રંથ ગીતા.

નાનકડી ગાગરમાં મહાજ્ઞાનનો સાગર છે સમાયો,
સર્વ શાસ્ત્રનો સમન્વય છે જેમાં એવો ગ્રંથ ગીતા.

કર્મની ગંગા, ભક્તિની યમુના ને જ્ઞાનની સરસ્વતી,
સ્નાન આ ત્રિવેણી સંગમનું,આપે મોક્ષ જ્ઞાનગીતા.

ઘર ઘરમાં ગુંજતું, એક જ ગાન તે આ ગીતા,
જિંદગીના હર પ્રશ્નોનું નિરાકરણ આપે ગ્રંથ ગીતા.

ભારતી ભંડેરી (અંશુ)

૩૩. કૃષ્ણ ભજન

હું તમને વિનવું યશોદા માડી,
વનરાવનની વાટે કેમ જાવું માડી.

કાન તમારો મારગડો રોકે માડી,
મહીં માખણના દાણ માંગે માડી.

દાણ ન આપું તો માટ નાંખે ફોડી,
આ રે વ્રજમાં કેમ રહેવું નંદરાણી.

યમુના ઘાટે પાણીડાં જાઉં માડી,
નંદજીનો છૈયો બેડાં નાંખે ફોડી.

ભીંજાય મારી નવરંગ ચુંદડી,
સાસુ નણંદ ગાળ દીયે માડી.

પરણ્યો મારો નઠારો છે માડી,
આ રે વ્રજમાં કેમ રહેવું નંદરાણી.

રશ્મિ સંપટ

૩૪. બિંદુ ગીતા

સુંદર સ્વરૂપ છે ગીતાનું રૂપ છે
યોગેશ્વર ત્યાં તું કહેવાય

શ્યામ તારા ચરણોમાં સુખ છે
ધર્મના ક્ષેત્રમાં કુરુના ક્ષેત્રમાં
ગાંડીવધારી ગભરાય..શ્યામ..
કૌરવ ને પાંડવની સેના નિહાળી
સગાવ્હાલામાં મોહાય..શ્યામ..
ગાંડીવ છોડી તારા ચરણોમાંઊભો
સોંપી દીધી તને કાય..શ્યામ..
હિમ્મત આપીને તેં ઉપદેશ દીધો
શાને તું મનમાં ગભરાય
પાર્થ તારા કર્મોમાં યોગ છે
સગાવાલા ખેલ છે મનડાના મેલ છે
મારૂં ધાર્યું બધું થાય..પાર્થ...
ગાંડીવ લે હાથમાં હુંછુંતારી સાથમાં
વિરાટ સ્વરૂપે દેખાય...પાર્થ..
કર્મ તારૂં યોગ છે કર્મના સંજોગ છે
વિધિના લેખે લખાય..પાર્થ...
હિંમત ન હારજે સત્કર્મે ચાલજે
કરશે ગીતા તને સ્હાય..પાર્થ...

ડૉ નારદી જગદીશચંદ્ર પારેખ (નંદી)

૩૫. વાત્સલ્ય

છે હજારો નામ કોઈ નામ તું પણ લઈ શકે,
શૌર્ય, સ્થિરતા, સ્નેહધારી કૃષ્ણ તું પણ થઈ શકે.

વિશ્વમાં વાત્સલ્યના જો સૂર તું છેડી શકે,
રૂપ 'મુરલીધર'નું લઈને કૃષ્ણ તું પણ થઈ શકે.

જો પશુ ને પંખીઓ પર પ્રેમરસ ઢોળી શકે,
'મોરપિચ્છધારી' ને 'ગોવિંદ' કૃષ્ણ તું પણ થઈ શકે.

મમતાના મીઠા ઝરણનો જો તું વારસ થઈ શકે,
તો 'મધુસૂદન'ના રૂપે કૃષ્ણ તું પણ થઈ શકે.

શુદ્ધ ભાવે જો શરારત કાલીઘેલી થઈ શકે,
રૂપ 'માખણચોર'નું લઈ, કૃષ્ણ તું પણ થઈ શકે.

મિત્રતાની મોજમાં જો મસ્ત બનીને વહી શકે,
'પાર્થસારથી' રૂપ ધારી કૃષ્ણ તું પણ થઈ શકે.

માન, માયા સમ શત્રુઓને તું જો મારી શકે,
તો 'મુરારી' રૂપ ધારી કૃષ્ણ તું પણ થઈ શકે.
વીરતાથી ક્રોધનું મેદાન જો છોડી શકે,
રૂપ 'રણછોડ'નું ધરીને કૃષ્ણ તું પણ થઈ શકે.

મોહ મારીને અનાસક્તિ જો આકર્ષી શકે,
રૂપ 'મોહન'નું ધરીને કૃષ્ણ તું પણ થઈ શકે.

સોનાના ઢગલા ઉપર પણ જો અલિપ્ત તું રહી શકે,
'દ્વારકાધીશ' રૂપથી તો કૃષ્ણ તું પણ થઈ શકે.

અન્યનું કરવા રક્ષણ જો, બોજ સઘળો સહી શકે,
રૂપ 'ગિરધર'નું ધરીને કૃષ્ણ તું પણ થઈ શકે.

તાપથી પરમાર્થના જો તું ય કાળો થઈ શકે,
'શામળા' રૂપે સજીને કૃષ્ણ તું પણ થઈ શકે.

બાળકો જેવી તું જો નિર્દોષતા પામી શકે,
'કાનુડા'નું રૂપ લઈને કૃષ્ણ તું પણ થઈ શકે.

સ્થિતપ્રજ્ઞના લક્ષણે જો આતમા શોભી શકે,
રૂપ 'નારાયણ'નું લઈને કૃષ્ણ તું પણ થઈ શકે.

યોગિતા મહેતા

३६. गोपाल

काला कनैया मैं चला तेरी तलाश में,
बैठा लगाकर ध्यान तुझे पाया पास मे ।

देखा जो आँख खोलकर तेरा ही नूर है,
आवाज और साजमें तेरे ही सूर है ,
सारंग हो या मालकौस, भीमपलास मे,
बैठा लगाकर ध्यान तुझे पाया पास में ।

तू ब्रिज में गोपाल द्वारिका में भूप है,
धूप हो या छाव हो तेरे ही रूप है,
छाया हुआ है बांसुरीकी एक बांस में,
बैठा लगाकर ध्यान, तुझे पाया पास में ।

पातालमें बसा है तू , बसा है व्योम मे,
महसूस कर रहे है तुझे रोम रोम में,
भूखोंकी भूखमें है, प्यासोंकी प्यासमें,
बैठा लगाकर ध्यान तुझे पाया पास में ।

मेरे किए गुनाहकी मुझको सजा मिले,
देखी न हो किसीने भी ऐसी कजा मिले,
पछतावा हुआ 'पुष्प 'को हर साँस साँसमें ,
बैठा लगाकर ध्यान तुझे पाया पासमें ।

પબુ ગઢવી (પુષ્પ)

૩૭. ગીતા બોધ

આ સંસારે સકળ વસમા કાળનો છેદ ગીતા!
શ્રી ક્રિષ્નાની સમજ સરખો પાંચમો વેદ ગીતા!

આધારોનાં સરળ પગલે આગવો સાર ગીતા!
એ રીતોના અનુસરણમાં સ્વર્ગનું દ્વાર ગીતા!

હો વિઘ્નો, સંશય, કઠિન દ્વિધા, સમાધાન ગીતા!
આક્રાંતાનું હનન કરવા બાણ સંધાન ગીતા!

રાખી શ્રદ્ધા મુખ વચનમાં કૃષ્ણની ઉક્તિ ગીતા!
સોંપી શ્વાસો ચરણ કમળે શ્યામની ભક્તિ ગીતા!

આસૂરી શાં દમન સમયે સત્ત્યનો મર્મ ગીતા!
જે આ લોકે અવતરણનું સૂચવે કર્મ ગીતા!

નિષ્ઠા, વૈચારિક વલણનું એ અનુષ્ઠાન ગીતા!
સંજોગોના વિષય વિવિધે આપતી જ્ઞાન ગીતા!

ઉદ્વેગોમાં હૃદય તળને પોષતો પંથ ગીતા!
મોક્ષ માર્ગે જગતભરને દોરતો ગ્રંથ ગીતા!

કિશોર સોની (અલબત્ત)

૩૮. કાનો

છાશ ઘી પાઉચમાં માખણ પણ પાઉચમાં,
દોણી પણ સ્ટીલની થઈ.

ગોરસ ખાવા કાના મારતો તો કાંકરી,
તે માટીની મટકી ન રઇ.

રવૈયા નું સ્થાન બ્લેન્ડરે લીધું
મંધયાણી માર્ગ કરી ગઇ
મખણનો લોંદો સ્વપ્ને જડે હવે,
છમકારો છાશનો નંઇ.

ગમાણ ગાયોના સૂના પડ્યા,
ગાયો રસ્તે રઝળતી થઇ
બળદોના સ્થાને આખલાના આતંક,
સહેવા પડે કાના ભઈ

નારી નારાયણી ન સમજે હેવાનો
રક્ષણ કાજે કરો કઈ
યદા યદા હી ધર્મસ્ય વાંચીએ,
"પ્રભુ" ક્યારે પધારશો અહીં

પ્રભુલાલ સિધ્ધપુરા (પ્રભુ)

૩૯. જીવનગ્રંથ - ગીતા

ગીતા જેવો ગ્રંથ જગે નહિ મળે રે લોલ,
જેનો જન્મદિન હરખે ઉજવાય જો... ગીતા.

પ્રભુ અધરેથી શબ્દો સરી પડ્યા રે લોલ,
થયો જ્ઞાન કર્મ ભક્તિ તણો યોગ જો... ગીતા.

અર્જુનને નિરાશા સાંપડી રે લોલ,
મળી ગીતા માનવને મહાન જો... ગીતા.

ઊઠાડે સૂવાડે અન્ન પચાવતાં રે લોલ,
આવા ઉપકારો અગણિત સમજાય જો... ગીતા.

સૌનાં તન-મનમાં રક્ત રેલાવતો રે લોલ,
એ બનાવનાર પરમપિતા એક જો... ગીતા.

સૂતા ઊઠતાં જમતાં પ્રભુ સ્મરીએ રે લોલ,
મનને ટેવ કૃતજ્ઞતાની થાય જો... ગીતા.

અનન્ય ચિત્ત થઈ જે પ્રભુ ભજે રે લોલ,
યોગક્ષેમ ખુદ પ્રભુ વહાવે જો... ગીતા.

જીવન જીવવાનો રાહ બતાવ્યો રે લોલ,
દીધાં આશ્વાસન દિલથી હજાર જો... ગીતા.

સ્ફૂર્તિ ને *શક્તિ* સહુમાં સંચરે રે લોલ,

તેમાં પ્રાણ પૂરે યોગેશ્વર શબ્દ જો... ગીતા.

ગીતા સંજય પટેલ (શક્તિ)

૪૦. ઘણો ફરક છે તમારા કાનુડા ને મારા કૃષ્ણમાં

ગોપીઓનાં કપડાં લઈને ભાગી જાય તે કાનુડો,
ને ભરસભામાં દ્રૌપદીનાં ચિર પુરે તે એટલે કૃષ્ણ...

મોઢું ખોલીને જશોદાને બ્રહ્માંડ દેખાડે તે કાનુડો,
ને કુરુક્ષેત્રનાં મેદાનમાં ગીતા ગાય તે એટલે કૃષ્ણ...

ઘણો ફરક છે તમારા કાનુડા ને મારા કૃષ્ણમાં...

બાળ ગોપાળ બની નટખટ નાટક કરે તે કાનુડો,
ને જગત માટે પૂર્ણ પુરુષોત્તમ બને તે એટલે કૃષ્ણ...

રાધા પાછળ જે ગાંડો ઘેલો થઈને ફરે તે કાનુડો,
ને રુકમણી સંગે જે સંસાર ચલાવે તે એટલે કૃષ્ણ...

ઘણો ફરક છે તમારા કાનુડા ને મારા કૃષ્ણમાં...

રાધા માટે વૃંદાવનમાં જેણે રાસ રચ્યો તે કાનુડો,
ને મીરાંના મૌનમાં પણ જે બોલ્યો તે એટલે કૃષ્ણ...

જેની વાંસળીથી લોકો મંત્રમુગ્ધ થાય તે કાનુડો,
ને જરૂર પડ્યે સુદર્શન હાથ ધરે તે એટલે કૃષ્ણ...

ઘણો ફરક છે તમારા કાનુડા ને મારા કૃષ્ણમાં...
ઘણો ફરક છે તમારા કાનુડા ને મારા કૃષ્ણમાં...

પુષ્પક ગોસ્વામી

४१. सकारात्मक ऊर्जा

कार्तिक माह शुक्ल पक्ष प्रतिपदा तिथि पर ,
गोवर्धन पूजा एवं अन्नकूट पर्व आता है।
श्रीकृष्ण संग गोवर्धन पर्वत की सेवा होती है,
गौमाता ,प्रकृति के प्रति आभार जताया जाता है।

कनिष्ठा पर श्रीकृष्ण ने गोवर्धन उठाया था ,
इन्द्रदेव के क्रोध से ब्रजवासियों को बचाया था।
सनातन धर्म में उस दिन से यह पर्व की परंपरा है,
श्रीकृष्ण की भक्ति के लिए यह पर्व माना जाता है।

सुख समृद्धि की सौगात लिए पर्व यह आता है,
घर में धन-धान्य की कमी श्रीकृष्ण नही होने देतें हैं।
अच्छी सेहत लंबी आयु का उपहार भक्त पाता है,
गोवर्धन पूजा पर्व सकारात्मक ऊर्जा देकर जाता है।

गौमाता इस पूजा से प्रसन्न होती है,
दूध से बनी हर मिठाई ,भोजन कृष्ण को सुहाता है।
गेहूँ ,चावल,सब्जियों से पर्वत बनाया जाता है,
हर व्यंजन श्रीकृष्ण को अर्पित कर भक्त कृपा पाता है।

कु.फोरम.आर. महेता

૪૨. જ્ઞાનમાં

કાનુડાને આજ રાધાએ કહ્યું છે કાનમાં,
સાથમાં તું હોય જ્યાં, ત્યાં ના રહુ હું ભાનમાં.

જો ગઝલમાં હોય ના જ્યાં નામ તારું ત્યાં પછી
છંદ લય ને કાફિયા આવે કદી ના તાનમાં.

તું અને હું હોય ને એકાંત પણ જ્યાં આપણું,
ત્યાં પછી ના હોય કોઈ આપણી દરમ્યાનમાં.

હાર કે ના જીતમાં ત્યાં કોઇ હરખે છે કદી ,
લાગણીનાં કે પછી સંબંધના મેદાનમાં.

હાર ના માનું કદી હું તો સમયની ચાલથી,
મોતને પણ આજ મળશું આપણે તો શાનમાં.

હોય હોઠો મૌન પણ શમણાં ભરી આંખો તણાં,
એ ઈશારા આંખને સમજાય કાયમ સાનમાં.

રાખ ના માનવ કદી તું આશ ફળની કોઈ પણ,
કાન તો સમજાવતાં ગીતા તણાં એ જ્ઞાનમાં.

ગીતા ઠક્કર (ગીત)

૪૩. શ્રી કૃષ્ણ કાવ્ય

માધવ મે તો મધુવન દોર્યું શમણે,
માધવ મારાં મન મધુવનમાં
રાધા રમતી રમણે,,,,માધવ,
માધવ મારાં મન મધુવનમાં
મોરપીંછ ના વન, ડાળે ડાળે કદમ્બ સાથે
મોરપીંછ થનગન,
માધવ મારાં મન મધુવનમાં
મયૂર ચડ્યા છે રમણે,,માધવ,,
માધવ, મારાં મન મધુવનમાં
ધેનુ વેણુ વગાડે, વેણુનાદે કાનુડાને થનગન
પાંચ નચાવે,
માધવ, મારાં મન મધુવનમાં
ગોપ ગોપીઓ રમણે,,માધવ,,
માધવ, મારાં મન મધુવનમાં
સૂર્ય ચંદ્ર પણ માધવ,
માધવ, મારાં મન મધુવન નું
નભ પણ રાધા માધવ,
માધવ, મારાં મન મધુવનમાં
અલખ ચડ્યો છે રમણે,,,
માધવ, મધુવન દોર્યું શમણે,,,માધવ,,

નિહારિકા

૪૪. કેમ શોધુ?

તું મારા રોમે-રોમ માં છે,
તને બહારી દુનિયામાં કેમ રે શોધુ??

તું મારા તન-મનમાં છે,
તને મંદિરે -મસ્જિદે કેમ રે શોધુ??

તું હારે છે ભક્તિ ને પ્રેમ થકી,
તને જીતવાનાં માર્ગો હું કેમ રે શોધું?

તું પળે-પળ વસે છે મારામાં,
તને કોઈ એક કણમાં જ કેમ રે શોધુ?

તું કારણ છે 'નેહ' ના અસ્તિત્વનું,
'કૃષ્ણ' તારા અસ્તિત્વની સાબિતિ કેમ રે શોધું?

નૈઋતિ ઠાકર (નેહ)

૪૫. કાન - રાધા

નિત નેરિયાં તો આઉં ઘડી એ ઘડી,
ન હલે મુંકે તો વિગર મુંજા શ્રીહરિ.

તું જ અઈયેં મુંજી રાધા ને તું જ કાન,
તો વિગર ન રેં હી મુંજા પ્રાણ.

મુરત નિરાલી મોહન તોજી આય,
સુરત તે તોજી વારી વેનાં આઉં.

રાધા ભનીને ધબકેં તો તું મુજમેં,
કાન ભનીને કરીયેં પ્યો કલશોર

હાણેં ત આઉં ન રાં હિત હેકલી,
રાધા - કાન ત વસ્યા હૃદયમહી.

આરતી ભાનુશાલી (આભા)

૪૬. માખણચોર કનૈયો

તું તો માખણચોર કનૈયા, મટકી વિના લેશ ન ચાલે.
હરદમ મુખે માખણ રાખે, સખાઓ સંગ ગોષ્ટિ કરે.

માખણની તું લૂંટ ચલાવે, તું તો માખણચોર કનૈયા.
ગોપીઓ માખણ વેચવા નીસરે, તું તો એની મટકી ફોડે.

કોઈની મટકી પાછી ન વાળે, કેવો તું તરખાટ મચાવે.
તું તો માખણચોર કનૈયા, મટકી ફોડી પ્રીત જગાવે.

ભોળી ગોપી માખણ લૂંટાવે, મટકી જાણે બ્રહ્માંડ લાગે.
ને ગોપી ભક્તિ માર્ગે ચાલે, તું તો માખણચોર કનૈયા.

એકવાર મને તું ગોપી બનાવે, મુજને પણ ભક્તિ રસે ડૂબાડે,
અંતર ઈચ્છા મારી પૂરણ થાયે, મોક્ષ પામું હું આ જન્મારે,
તું તો માખણચોર કનૈયા.

પુષ્પાબેન વૈદ્ય

૪૭. કનૈયા

કહે! કનૈયા કેમ બાંધવો તને?
રજ્જૂ આ મારી ટૂંકી પડે..

સ્વરથી ને સૂરથી કો પામવા ચહે,
ઝલક સ્હેજ આપી તું આઘો ખસે.

નર્તન ને કિર્તન થી દર્શન મળે,
તુકારામ ચૈતન્ય એવું કહે.

સતત નામજપ આ ભક્તો કરે,
દિલે તું' ને ઉતારવાનું ચહે .

આ અલ્પબુધ્ધિ ન પામી શકે,
વિરાટ રૂપ ને ખમી ક્યાં શકે?

હૃદય માં બિરાજી તું ધબકી રહ્યો,
ઝીણી સિતારી તું બજવી રહ્યો.

' પ્રશાંત ' થઈ સાંભળું છું કદી,
મારી ભીતર તું જ વિલસી રહ્યો.

પ્રવિણ બલિયા

૪૮. સારની ગીતા

માધવા! તું રોજ આવી,
સારની ગીતા ભણાવે!
શામળા! મુજને જગાવી,
સારની ગીતા ભણાવે!

કૂંજ નિકૂંજે ફરાવી ,
ભવરણેથી તું તરાવે,
કાનુડા! મુજને ખમાવી,
સારની ગીતા ભણાવે!

રાસ રંગીલા રચાવી,
બાંસુરી ધૂને નચાવે,
વ્હાલમા! મુજને ગળાવી,
સારની ગીતા ભણાવે!

હું નથી મીરાં સ્વભાવે,
હુ નથી રાધા લગાવે,
વિઠ્ઠલા! મુજને નભાવી,
સારની ગીતા ભણાવે!

આશની હીના લગાવી ,
શ્વાસની વીણા વધાવે,
યાદવા! મુજને મથાવી,
સારની ગીતા ભણાવે,

ધર્મ જયકારા જપાવી,
કોકિલા ની જાય રાવે,
મોહના! મુજને હસાવી,
સારની ગીતા ભણાવે!

કર્મનાં મર્મે સજાવી,
જ્ઞાન સંસ્કારે ગજાવે,
કેશવા! મુજને બચાવી,
સારની ગીતા ભણાવે!

કોકિલા રાજગોર

૪૯. જગ આખાએ વખાણી

આખા યુગની કહાની,જગ આખાએ વખાણી,
પંડિત શક્યા છે જાણી,જાણી એણે પિછાણી.

સાર ધરમનો કીધો,શ્રીકૃષ્ણના મુખે ગવાણી,
જ્ઞાન,ભક્તિ,કર્મની વાતો,કહી જે હતી અજાણી.

મરમ કીધો છે કરમનો,કરમ જ સાચી કમાણી,
નીતિ અનીતિના પાઠ,અર્જુનને દીધા ભણાવી.

યોગથી યોગેશ્વર થયા,બ્રહ્માંડ ભીતર ભાળી,
પંચભૂતો જાણ્યા વાયુગ્નિ,પૃથ્વી,નભને પાણી.

મોહ માયા બંધન તોડી,પરમ તત્વને પિછાણી,
અધર્મ પર જીત ધરમની,લીધું ગાંડીવ તાણી.

ચાર વેદોનો સાર સમાયો,પ્રભુની અમૃત વાણી,
કવિ 'યાદ' કહે લો જાણી,કરો જ્ઞાનની લહાણી.

કલસરિયા પ્રકાશ એન.(યાદ)

૫૦. ગીતાજી

ઘેરાયો અર્જૂન જ્યારે વિષાદે,
યોગેશ્વરે કહી ઉપદેશ વાણી.

વ્હાલા ભક્તની વ્હારે ધાયા,
ત્રિલોકનાથ,યુગ પૂરૂષ ત્રિપુરારી.

દેહ અમૂલો માનવ કેરો,
પામ્યો એ અતિ બડભાગી.

લખ ચોર્યાસી ફેરા ફરતાં,
પૂણ્ય થકી બન્યો માનવતારી.

મોક્ષ વાંછતો જન્મોજન્મથી,
પથ દર્શક,ગીતા કલ્યાણકારી.

અગાધ,અસીમ છે,છે અલૌકિક,
સંત-મહાત્મા,વિદ્વાનોએ સ્વીકારી.

સાર છે ગીતામાં વેદો-ઉપનિષદોનો,
યોગ સ્થિત થૈ કહે પાર્થને અવિનાશી.
જ્ઞાનયોગ,ભક્તિયોગ અને કર્મયોગમાં
શ્રેષ્ઠ યોગ કહે 'કર્મયોગ' કહે મુરારી.

"કર્મ કર,ના ફળની આશ કર" અર્જૂન!
સત્યની પડખે રહે સદૈવ ગિરધારી.

સત્વ,રજસ,તમસ ત્રણ ગુણો ધરતાં,
અલગ અલગ કર્મ-ફળ અધિકારી.

મૌન,ધ્યાન,તપ,સ્તુતિ,પૂજા,મંત્ર-તંત્ર,
સાધક સાધતાં પ્રાપ્તિ અર્થે મોક્ષકારી.

પવિત્રતા,બ્રહ્મચર્ય,સરળતા,અહિંસા,
આત્મસંયમ,મન-શુદ્ધિ ભાવનાકારી.

તપ,યજ્ઞ,દાન-દક્ષિણા કરે જે મુમુક્ષુ,
શ્રદ્ધાથી કરી થાય મોક્ષ અધિકારી.

છોડી અહંકાર,લાલચ,ઈર્ષા,વેર-ઝેર
'નિજ' જા શરણ તું 'ઈશ' પાવનકારી.

નીના દેસાઇ (નિજ)

૫૧. श्री कृष्ण

काली बरसाती रात में जन्म लिया
उफनती यमुना को भी पार किया।
यशोदा मैया की गोद को धन्य किया
दर्शन से अपने सबको मंत्रमुग्ध किया।

नटखट बाल गोपाल की बातें बड़ी प्यारी
ग्वालों संग रहता है हरदम वह बलिहारी।
प्रभु कृष्ण की लीला अद्भुत और न्यारी
सृष्टि का हर प्राणी, उस पर जाता वारी।

मटकी फोड़, दही माखन चट कर जाए
बड़े लाड संग माखनचोर वह कहलाए।
पनघट पर नंदगांव की गोपी को छेड़ जाए
कंकड़ से मटकी फोड़े, मटकीफोड़ कहलाए।

बावरी भक्तिन मीरा के गिरधर गोपाल,
संत सूरदास उसे प्रेम से श्याम बुलाए।
अपरंपार महिमा, उसकी रसखान गाए
रस की खान कहकर फूला नहीं समाए।

सारथी बन जब वह गीता का ज्ञान सुनाए
अर्जुन के अशांत मन को वश में ले आए।
राजा बन राधा को ब्रज ही वो छोड़ आए
द्वारका नगरी के द्वारकाधीश भी कहलाए।

पदमा मोटवानी

૫૨. શ્રી કૃષ્ણ અને માનવ સંબંધ

સૃષ્ટિના સર્જનહારે વસુંધરાના ખોળે રમવા ઘડ્યો માનવી દેહ,
માનવી અધર્મને દ્વારે ઊભ્યો તે દી' શ્રી નારાયણે ધર્યો અવતાર.

માનવીના દુઃખોને પામવા પાલનહાર જન્યો માનવી દેહ ધરી,
ડગલે પગલે હસતા મુખે દુઃખને પામી જીવન જીવી જાણ્યું.

જગતમાં પ્રેમ, લાગણી અને મિત્રતાનો માનવ સંબંધ બાંધ્યો,
માનવી જાણી ગયો આ જગતમાં જીવન સંબંધોથી બંધાયેલું.

ધર્મનું આચરણ કરીને જગતને શીખવી માનવી દેહની ફરજ,
જગત ન જાણી શક્યો ધર્મને તે દી' શ્રી કૃષ્ણે રચ્યું મહાભારત.

પ્રેમ, લાગણી અને માનવ સંબંધોને કુરુક્ષેત્રની ભૂમિમાં રોપ્યાં,
ધર્મની સ્થાપના અર્થે કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણના મુખે જન્મી ગીતા.

યોગેશ ત્રિકમભાઈ ચાંદેગરા (યુગ)

૫૩. તારણહાર

મથુરામાં જે જનમ્યો છે,
ગોકુળ તેનો નિવાસ છે,
વાસુદેવ દેવકીનો જાયો છે,
એ તો અવતારી કૃષ્ણ કનૈયો છે,
એ તો કૃષ્ણ કનૈયો છે.

ગોવાળીયો થઈ ગયો ચરાવી,
માખણ ચોરી ગોપીઓ ના જીત ચાર્યા,
રાધા રાણી સંગ રાસ રમ્યા,
એ તો વ્રજધારી કનૈયો છે,
એ તો કૃષ્ણ કનૈયો છે.

કાનો માધવ લાલો નંદકિશોર,
એવા હજારો નામો ધરાવતો,
છતાં યશોમતીનો છૈયો કહેવાતો,
એ તો નંદકિશોર કનૈયો છે,
એ તો કૃષ્ણ કનૈયો છે.

ગોવર્ધનને ટચલીએ ધર્યો,
શેષનાગનું શીશ નમાવ્યું,
કંસમામાનું કાસળ કાઢ્યું,

એ તો તારણહાર કનૈયો છે,
એ તો કૃષ્ણ કનૈયો છે.

દ્રોપદીના ચીર પુરનાર,
સુદામાની ગરીબી હરનાર,
અર્જુનનો સારથી બનનાર,
સોના હૃદયમાં બિરાજતો,
એ તો જગતપાલન હર કનૈયો છે,
એ તો કૃષ્ણ કનૈયા છે.

હસ્મિતા ત્રિવેદી

૫૪. બંસરી

બાંસરી વજાય કાન,
ગોપીયેંજો વૃંધ ગાન,

છાંઈમેં   કદંબવન,
રાધા ભનઈ ગુલતાન,

કોયલ,મોર,બપૈયા દાદૂર,
વેણૂ નાધમેં થ્યા મગન,

જમના જલમેં વિનાઈ ભાન ગોપ બાલેંજા તોફાન ,

સન સન હવાજી તાન,
ઢોલ વજૅ ધ્રિબાંગ ધ્રિબાંગ,

ધનન ધન ધિક્ તાન,
ગોપીયેં ડિનાં આણ,

નંધધૂલારો ગોકળીયેજી જાન
બંસરી વજાય કાન.
ભાનુબેન સાવલા

૫૫. નંદલાલ

નટખટ નંદલાલ, રાધાના શ્યામ,
તારા સંગાથે વાલા રંગાવું આજ.

હરી લીધી છે પીડા અમારી,
હરી લીધી છે પીડા અમારી,
નામ લીધું જ્યાં હે! ગિરધારી,
મીરાના નાથ, ગોપીના પ્રાણ,
તારા સંગાથે વાલા રંગાવું આજ.

લીલા ન્યારી છે નાથ તમારી,
લીલા ન્યારી છે નાથ તમારી,
ભક્તિ પંથે કરો બલીહારી,
ગીતાના સાર, મુરલીના નાદ,
તારા સંગાથે વાલા... રંગાવું આજ.
નટખટ નંદલાલ, રાધાના શ્યામ,
તારા સંગાથે વાલારંગાવું આજ.

દેવેન્દ્ર પાઠક (ઈગલ)

૫૬. ઘનશ્યામ

ફૂલ ને પૂછું, હું ભમરા ને પૂછું,
આંખો ચૂવે તો, પાલવ થી લૂછું.
કઈ કેડીએ અટક્યા ઘનશ્યામ?

યમુના છે કાળી, કાળા વનમાળી,
રાસ રમતા, મને દેત'તા તાળી.
પ્રભુ ખેટૂ કરો છો કાં આમ?

દાણ ન માગે, ન માખણ લૂંટાવે,
વનરા તે વનમાં, ન કોઈ સતાવે.
ગોરસ- મટુકી ના વધ્યા દામ.

મોરલી સૂની - પનઘટ છે સૂના ,
આપણા સબંધો, વર્ષો થી જૂના.
રહે ક્યાંથી કનૈયા હવે હામ.

ઝંખું શૂન્ય થૈ, સુધબુધ બધી ગઈ,
રાધા ની વેદના, મૂંગી મસ્સ થઈ.
મારે પીવાં છે પ્રેમ ના જામ.

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો છે,
કયો મારગ, તમને વળગ્યો છે ?
કહો 'કાન્ત' ને , રેહવું કયે ઠામ ?

કૃષ્ણકાંત ભાટીયા (કાન્ત)

૫૭. આત્માની પરીક્રમા

ગીતાસારમાં કર્મયોગ કહે છે ફળની ચિંતા કેમ કરે છે,
કર્મફળ તો ઈશ્વર દેનાર છે તું તો ફક્ત કર્મ કરે છે.

પરબ્રહ્મથી વિભાજીત થઈ પુરુષ 'ને પ્રકૃતિ બન્યા,
એજ ચૈતન્ય આત્મા પરમાત્માની પરીક્રમા કરે છે.

રજોગુણી જ્ઞાન, સત્વ પર પણ અભિમાન કરે છે,
ને તમસ ગુણી અંધકારમાં જીવન વ્યતિત કરે છે.

પંચ મહાભૂત, પંચ પદાર્થ, પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો,
ત્રણ ગુણો 'ને એક ચેતના, એજ દેહનું સંચાલન કરે છે.

મીઠાનાં એક કણનો સ્વાદ ખારાં સાગરથી ભિન્ન નથી,
એમ આત્મા જ પરમાત્મા છે 'ને સ્વયંના દર્શન કરે છે.

સત્વગુણી સત્ય 'ને જ્ઞાનથી સાત્વિક જીવન જીવે છે,
ને કર્મયોગથી ઈશ્વરમાં સમાઈ જવા જ કર્મ કરે છે.

સાંખ્યયોગથી કર્મયોગ 'ને કર્મયોગથી જ્ઞાનયોગ મળે છે,
ને જીવ કર્મ, સમર્પણ 'ને ભક્તિથી આત્માસાત કરે છે.

સાંખ્યયોગથી આત્માનો પરમાત્મા સાથે મિલાપ થશે 'ને,
કર્મયોગ જીવન 'ને સંબંધોના બંધનોથી મુકત કરે છે.

દેહ લઈ જનમશે એ મૃત્યુ પામશે 'ને એ ફરી જનમશે,
સાંખ્યયોગથી દેહમાં આત્મા પરીવર્તનનું કાર્ય કરે છે.

જગમાલ રબારી (પ્રિયદર્શન)

૫૮. પ્રકાશ છે ગીતા

જીવનનો રસ્તો ચિંધનાર છે ગીતા,
'ને અંધકારમાં ઉર્જાનો પ્રકાશ છે ગીતા,

સ્વભાવમાં વિનમ્રતા લાવે છે ગીતા,
'ને વિચારોમાં શુદ્ધિ કરાવે છે ગીતા,

એકાગ્રતામાં વધારો કરે છે ગીતા,
'ને મનની મલિનતા ભગાડે છે ગીતા,

નિઃસ્વાર્થ પ્રેમ સમજાવે છે ગીતા,
'ને આત્મવિશ્વાસ વધારે છે ગીતા,

દેહ-આત્માનો સાર સમજાવે છે ગીતા,
'ને સમર્પણ, કર્મ, ધર્મ સમજાવે છે ગીતા,

રજો, તમસ 'ને સત્વની સમજ છે ગીતા,
ત્યાગ, પ્રેમ સમર્પણનું ભાથું છે ગીતા,

સમજો છો તો અનંત જ્ઞાન છે ગીતા,
ઉતારો જીવનમાં તો પ્રસાદ છે ગીતા.

ડોલી વિવેક માણેક (આશ)

૫૯. કરીએ કર્મ ઊજળાં

શ્રીમદ્ ભગવદ્ ગીતા
કર્મથી પૂજાય છે,
કરીએ કર્મ ઊજળાં
તો જીવન ઊજવાય છે.

જન્મ અને મૃત્યુ સૌ
કર્મનો જ સાર છે,
કર્મને જ આધીન
આ સઘળો સંસાર છે.

કર્મ થકી માનવનું
ભાગ્ય ઘડાય છે,
કરીએ કર્મ ઊજળાં
તો જીવન ઊજવાય છે.

ન રાખ આશ ફળની
કર્મ સઘળાં અર્પણ કર,
અહમ ત્યજી જાત તારી
ઈશને સમર્પણ કર.

કર્મ થકી દેવ અને
દાનવ થવાય છે.
કરીએ કર્મ ઊજળાં
તો જીવન ઊજવાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાનું
ચિંતન જ્યાં થાય છે,
હૈયે હૈયે પ્રભુનો ત્યાં
પ્રાદુર્ભાવ થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા
કર્મથી પૂજાય છે,
કરીએ કર્મ ઊજળાં
તો જીવન ઊજવાય છે.

કરીએ કર્મ ઊજળાં
તો જીવન ઊ
જવાય છે.

અમૃતાબા ડી. જાડેજા

૬૦. કર્મ વડે મળે

કૃષ્ણ કહે ગીતામાં અર્જુનના હથિયાર હેઠા જો પડે,
ફળની ના રાખ આશ, વિજય તો કર્મ વડે મળે.

ખાલી હાથ આવ્યા 'ને ખાલી હાથ જવાનાં ,
શું લઈને આવ્યા હતાં 'ને શું લઈને જવાનાં ?

જન્મથી ના કોઈ મહાન એ કાજે કર્મ કરવું પડે,
કુરુક્ષેત્રે , ધર્મક્ષેત્રે ન્યાય માટે શ્રીકૃષ્ણ થવું પડે...

ના કર જરાય અભિમાન મોહ, લાલચ, છે દુર્ગુણ,
દાન, કરૂણા, પ્રેમ ,સદ્વિચાર ગીતામાં કહ્યાં સદ્ગુણ.

મંદિરમાં એ પુસ્તકરૂપે રહેતી જાણે મૂર્તિના મુલે,
તોય વાંચવા માટે ગીતા રોજ શું કામ ના ખૂલે ?

દર્શના જેઠવા

૬૧. ગીતા

અર્જુનના સવાલોમાં આજનો મનુષ્ય દેખાય,
ગીતામાં જીવનના કોયડાઓ ઉકેલતો કૃષ્ણ દેખાય.

સુયોગ્ય કર્મના મારગ પર ચાલતા શીખવાડતા કૃષ્ણ,
અહંકાર છોડીને અનાશક્ત ભાવ શીખડાવતા કૃષ્ણ.

ધર્મના રક્ષણ અને અધર્મના નાશ માટે માનવ અવતાર લેતા કૃષ્ણ,
જન્મ અને મૃત્યુ નથી છતાં માનવ અવતાર લેતા કૃષ્ણ.

મનુષ્યના કર્મ પ્રકૃતિ દ્વારા જ કરાય છે
સર્વ જીવોમાં પરમાત્મા જોવાય તો જ બ્રહ્મરૂપ પ્રાપ્ત થાય છે.

કામ,ક્રોધ અને મોહ નરકના દ્વાર બની જતા,
મનુષ્ય જીવનનો ખોટો મારગ બની જતા.

જે નિત્ય શ્રદ્ધાથી કૃષ્ણને ભજતું
એ મનુષ્ય શ્રેષ્ઠ યોગી કહેવાતું.

સંયમ અને સહનશીલતાનો બોધ પાઠ આપતી ગીતા,
અંધકારમય પરિસ્થિતિમાં ઉજાસ તરફ જવાની હિંમત આપતી ગીતા.

સૌરભ જોશ

૬૨. અણસાર

અણસાર બધે તારો, કણ કણમાં દેખાતો
ઘેલો થૈ શ્યામ મને, માખણમાં દેખાતો

દિકરીને બેનીનાં, હૈયે હેત બની વસતો
ભગવાન મને 'મા' નાં, ડા'પણમાં દેખાતો

કોયલનાં ટહુકામાં, એનો સાદ પડે છે જો
ગોપાલક ગાયોનાં, ગોધણમાં દેખાતો

નરસૈયાનાં તાલે, એનો સાદ પડે છે જો
મીરાની પાયલનાં, રણઝણમાં દેખાતો

સૂરજ થઇ સોહાતો, ચાંદો થઈ ચમકંતો
ગીતાનો ગાનારો, જણ જણમાં દેખાતો

છે નભ કરતા ઉંચો, આ મિત્ર સુદામાનો
ઝટપટ એ ડગ દેતો, આંગણમાં દેખાતો

ભીતર છે ક્યાંય નથી, ખખડાવે કાં દ્વારો ?
'આહીર' અજબ દિલનાં, દર્પણમાં દેખાતો

માવજી એમ આહીર

૬૩. કૃષ્ણ કનૈયો

કહે કનૈયા કેમ બાંધવો તને?
રજ્જુ આ મારી ટૂંકી પડે.
સ્વાર્થી ને સુરથી કો' પામવા ચહે,
ઝલક સહેજ આપી તું આઘો ખસે.
નર્તન ને કીર્તનથી દર્શન મળે,
તુકારામ ચૈતન્ય એવું કહે.
સતત નામ જપ આ ભક્તો કરે,
દિલે તુ'ને ઉતારવાનું ચહે.
આ અલ્પ બુદ્ધિના પામી શકે,
વિરાટ રૂપને ખમી ક્યાં શકે?
હૃદયમાં બિરાજી તું ધબકી રહ્યો,
ઝીણી સીતારી તું બજવી રહ્યો,
પ્રસન્ન થઈ સાંભળું છું કદી,
મારી ભીતર તું જ વિલસી રહ્યો.

ચિન્મય તપોવન (સાંદિપની)

૬૪. માધવ

અર્થ વ્યર્થ છે.છતાં એનો સ્વાર્થ છે. હે માધવ, મનને તું મનાવ.
કાયા મેલી છાયા છે. છતાં એની માયા છે.

હે માધવ, મનને તું મનાવ.

આ સંબંધ એક મંથન છે. છતાં એનું જ બંધન છે. હે માધવ, મનને તું મનાવ.
જગ છલ છે. છતાં એની ખલ છે.

હે માધવ, મનને તું મનાવ.

પેટ પ્રેત છે. છતાં એની જ વેઠ છે. હે માધવ, મનને તું મનાવ.
'નસીબ' મન ને તું મનાવ.

લોહાર લીના (નસીબ)

૬૫. રાધે શ્યામ

શૂન્ય શિખરે બ્રહ્મા સુભદ્રા કૃષ્ણા બળરામ.

શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

પરમ તૃપ્તિ પર હજી પોહચવાને મ્હારે વાર છે,
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

શૂન્ય મારું મન ખુદને મળતો રહ્યો કારણ વગર,
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

આ છંદ અને અછાંદસનાં પંથે પડઘાય છે શબ્દો,
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

એક મૌન નોં દરિયો છલોછલ શબ્દ તરતાં થયા,
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

સિયાહી ની વેદના ખપતી નથી છેવટે મળે વેદાંત,
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

મૌન ના શિખર આંબ્યા અમે ગરુડ પર બેસી,
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.
સમય જાગે શ્વાસ પર ગઝલ સ્થાપી બેઠી છું
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

ઊંચે જઈ ઊભું આકાશ વાંસળી ના સૂર સાંભળી,
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

બ્રહ્મ બ્રહ્માંડ એક જ ઘડીયે ન થાય અળગા જી,
શબ્દ ના સાધક અમે મનમાં બૈઠા રાધે શ્યામ રે.

બીજલ જગડ

૬૬. કૃષ્ણ વિટા વાંસડી ન વગી

યુધ્ધ કુરૂક્ષેત્રજો, પુરો થે પોઆ,
કૃષ્ણ રાસ લીલા જો વિચાર્યો,

ઉતારે યુધ્ધજા વેશ - વાગા મિડે,
પીતાંબર મોરપીંછ મુગટ ધાર્યોં.
ખબર પોંધેજ ત ગેલીઉં ગોપીઉં,
ગેરો થઈ સટ કઢી વઈયું સામી,
ફુધડી ફિરી કાન ફેરો ડિનોંને.
રમઝટ રાસજી રંગત વેઈ જામી....(૧)

ઠાઠ ઠે'કે જેઠા કરે , તાડી ત્રા - ત્રા.
પગ પટ તેં પા - પા ત્યું મારીયેં,
ત્રિતાલજે તાલતેં ગુમરી ડીઈ ગોપિઉં.
ઈંધરલઠુજી અંગ્ કે ત્યુ વારીયેં,
ગિની અવરો સવરો, આંટો ઉંધો ને સઉં
ફિરી ચક્કર ચોફેર ને મોહન રૂચે,
જગકે નચાઈંધલ ' સ્વપ્ન ' જધુપતી.
થેં, થેં, થા, થા, થૈ, નટવર નચે.... (૨)

વાંસડી મોંતે મ'ઢે, કાન વિચમેં ઉભા,
ને હિકડી તે સઉં એડી ઉપડઈ ,
વગી ન વાંસડી કાન વિટા તેર નેં;
રાધા કે કાનજી જાધ હુઈ આવઈ,
કોઠે રાધા કે રુક્ષમણી આયા નેં,
સુરીલા સપ્તસુર નિકરેઆ તેં સઉં,
પોય ભાન ભુલી તાનમેં ગુલતાન
થેઆ રાધા કાનને ગોપીઉં.... (3)

લાલજી મેવાડા

૬૭. હે.. કૃષ્ણ

તમે જ છો વિજય તમે જ અજય છો.

છો, ઉદભવ તમે નેં તમે જ પ્રલય છો.

રાધા પણ તમે તમે જ સુંદર શ્યામ છો,
કાળ વિકરાળ તમે નેં તમે જ સમય છો.

આરંભ પણ તમે પ્રભુ તમે જ અંત છો.
છો તમે જ અનંત તમે પોતે જ મધ્ય છો.

મહાસાગર તમે તમે જ ગગન વિશાળ,
રવિ તમે તમે જ પ્રભાત તમે ઉદય છો.

હું ક્ષર હું જીવ સદા શિવ તમે જ છો,
બ્રહ્માંડના માલીક તમે પુજય તમે જય છો.

શામજી માલી

૬૮. ગીતા

રણભૂમિ ની ચાવી ગીતા!
મન હારે તો હારી ગીતા!

અર્જુન તો છે ભીની ક્યારી;
કૃષ્ણએ ત્યાં વાવી ગીતા!

કૃષ્ણપણું રગ રગમાં રાખ્યું,
મીરાં એ ક્યાં વાંચી ગીતા!

વિનોબાજી મા સમ ગણતાં,
કર્મયોગીને પ્યારી ગીતા!

જીવનનાં સૌ પાઠ શીખવતી,
સમજણ મંગલકારી ગીતા!

નય નિશ્ચય - વ્યવહાર ઉકેલે,
શબ્દરૂપ લઈ આવી ગીતા!

કર્તાભાવનો લોપ કરી ને,
સાક્ષીભાવ બલિહારી ગીતા!

અંતરને અજવાળે ભરતી,
જ્ઞાન દીપક ધરનારી ગીતા!

જે પીશે, પામે નવદ્રષ્ટિ;
સત્વસુધારસ પ્યાલી ગીતા!

દક્ષા બી. સંઘવી

૬૯. લાગણી કૃષ્ણ તણી

સ્નેહ તણી લાગણી ,કૃષ્ણ - રાધા મહી,
ભક્તિ ભાવ તણી શ્રદ્ધા મીરા મહી.

રાધા - મીરા ના ભાવ છે ભક્તિ મહી,
સદા સાચું જીવન માનવ શીખે અહી.

સ્નેહ પ્રેમ લાગણી ભક્તિ ભર્યા ને,
માનવ ના સમજે આ સાચા પ્રેમ ને.

સાચી ભક્તિ ના ભાવ ભર્યા એમાં,
માનવ ન સમજે ભાગવત - ગીતા ને.

સ્વાર્થી મતલબી દિલકશ આ દુનિયા,
કોઈ ન જાણે કૃષ્ણ - ગોપી ની લીલા.

દિલીપ આચાર્ય (દિલકશ)

७०. गीता हे संसार का सार

गीता हे संसार का सार,
करती जीवन नैया पार ||

गीता है एक गीत मधुर,
जैसे बहता माँ का प्यार |
गीता हे संसार का सार, करती जीवन नैया पार ||

दे उत्तर सारे प्रश्नो के,
बनती जीवन का आधार |
गीता हे संसार का सार, करती जीवन नैया पार ||

मोह, माया और क्रोध से,
गीता उतारे जग का भार |
गीता हे संसार का सार, करती जीवन नैया पार ||

वेद, पुराणों का जीसमे सार,
ऐसे ज्ञान का वो भंडार |
गीता हे संसार का सार, करती जीवन नैया पार ||

वाचा ठक्कर
(उम्र - १० वर्ष)

૭૧ . તું કહે તો

તું કહે તો રાધા થઇ જાઉં, તું કહે તો મીરા થઇ જાઉં.
તુજ સંગથી મળે સાયુજ્ય, તને પામવા ભવપાર થઇ જાઉં.

વૃંદાવનની ધૂળ બની, તુજ ચરણોની છાપ થાઉં,
ઘાસ કેરું તૃણ બની કરતી રહું તુજ પાદ્સ્પર્શ.
બની ચાખડી સેવા કરું, પાદ્પંકજને વારી જાઉં.
તું કહે તો ...

બનું પુષ્પ જે તું હાથ ધરે, બનું કંકણ જે તું ધારણ કરે,
બનું એ વૃક્ષ ડાળખી જે ગ્રહી તું ક્રીડા કરે.
બની વાંસળી તું આધારે ધરે, તને પામવા વીંધાઈ જાઉં.
તું કહે તો ...

અંજલી સેવક

૭૨. ક્યાં છે કાનો, **daddy?**

ક્યાં છે કાનો, daddy? where is the God?
મળવું છે એને મારે, what is the road?
ક્યાં છે કાનો daddy, ક્યાં છે કાનો? (૨)
Where is Kano daddy, where is Kano? (૨)
Where is Kano daddy, where is the God?,
I wanna meet him dad, what is the road?

ઓ ઘનશ્યામ, સાંભળ ઓ શ્યામ; (૨)
તારા હોવાના જ માંગે પુરાવા,

Questions છે કેવા આ odd?
તું જ ચલાવે છે ધબકાર જેના એ,
પૂછે daddy where is the God?
ક્યાં છે કાનો...

કોણ સુવાડે તને કોણ જગાડે, શ્વાસો ચલાવે છે કોણ?
નાની નાની તારી આંખલડી માં બેટા, સપના સજાવે છે કોણ?
કોણ ચલાવે તને કોણ દોડાવે, વાણી તને આપે છે કોણ?
જોયેલું, વાંચેલું, સોચેલું, સમજેલું, યાદો માં સ્થાપે છે કોણ?
ક્યાં છે કાનો ...

ચાંદ માં કાનો બેટા, સુરજ માં કાનો,
ધરતી ઉપર ની, રજ રજ માં કાનો;
Where is Kano daddy, where is Kano? (૨)

પ્રાર્થના ના હર સ્વર માં કાનો,
વસે છે બેટા હર ઘર માં કાનો.
ક્યાં છે કાનો daddy, ક્યાં છે કાનો ? (૨)

Motion માં કાનો, Emotion માં કાનો,
હર કોઈ ના Devotion માં કાનો;
બોલે Fact માં કાનો, Respect માં કાનો,
વસે છે Selfless Act માં કાનો,
Vision માં કાનો, Ambition માં કાનો,
ગીતા ના Rendition માં કાનો,
Latitude માં કાનો, Gratitude માં કાનો,
વસે છે તારા Attitude માં કાનો,
Confess માં કાનો, Kindness માં કાનો,
વસે છે Forgiveness માં કાનો,
Take A Stand માં કાનો, Helping Hand માં કાનો,
વસે છે સાચા Friend માં કાનો,
આસ માં કાનો, બેટા શ્વાસ માં કાનો,
તારા ને મારા વિશ્વાસમાં કાનો.
તારા ને મારા, વિશ્વાસમાં કાનો.

ડૉ. કૃપેશ ઠક્કર "પ્રેમ"

ગ્લોબલ ક્લબ ફૂટ અવેરનેસ પર્વ શું છે?

ક્લબફૂટ શું છે ?

ક્લબફૂટ એક જન્મજાત શારીરિક સ્થિતિ છે જેમાં બાળકના એક અથવા બંને પગ અંદર અને

નીચેની તરફ વળેલા હોય છે. એ અસરગ્રસ્ત પગ બીજા પગની સરખામણીએ ઓછું વિકસિત પણ હોઈ શકે. સારવાર વિના પગની સ્થિતિ એવી જ રહી જાય છે. જે આગળ જતા ગંભીર પીડા અને ચાલવાની મુશ્કેલીમાં પરિણમે છે.

કોણ અસરગ્રસ્ત છે ?

એક અહેવાલ મુજબ દર ૧૦૦૦ બાળકો માંથી ૧ થી ૪ બાળકો અસરગ્રસ્ત હોય છે. તથા દર વર્ષે ૫૦૦૦૦ બાળકોના કેસ નોંધાય છે. જો યોગ્ય સારવાર ના કરવામાં આવે તો આ શારીરિક સ્થિતિ કાયમી બની રહે છે.

ગ્લોબલ ક્લબફૂટ અવેરનેસ પર્વ શું છે ?

ક્લબ ફૂટ નામની શારીરિક સ્થિતિ વિશે લોકોને અવગત કરવા તેમજ અસરગ્રસ્ત બાળકોની સારવાર અંગે માર્ગદર્શન તથા આર્થિક સહયોગ પૂરો પાડવાના આશયથી ગિવ વાચા ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવેલ વૈશ્વિક જાગૃતિ અભિયાન એટલે ‘ગ્લોબલ ક્લબફૂટ અવેરનેસ પર્વ’.

અમારા કાર્યો ક્યા છે ?

આ પ્રોજેક્ટ અંતર્ગત એમ્બેસેડર બાળકલાકાર પર્વ ઠક્કરના ‘ક્લબફૂટ વોરિયર’ તરીકેની ભાવનાથી સંપુર્ણ પણે સ્વસ્થ થવાની તેમજ સફળતાનાં શિખરો સર કરવાની પ્રેરણાત્મક સફર થકી અન્ય અસરગ્રસ્ત બાળકો અને તેમના માતા-પિતાને પ્રેરણા આપવાનો કાર્ય કરે છે. ગિવ વાચાના ‘ગુંજે ગીતા’ અને ‘શબ્દ વંદના’ જેવા પ્રોજેક્ટ થકી એકત્ર થયેલ ધનરાશિનો ઉપયોગ આવાં અસરગ્રસ્ત બાળકોની સારવાર માટે પણ કરવામાં આવે છે.

આપ કઈ રીતે મદદ કરી શકો

- આ પ્રોજેક્ટ વિશેની માહિતી તમારા સોશીયલ મીડિયા ગૃપમાં શેર કરી શકો.

- આ પ્રોજેક્ટના એમ્બેસેડર પર્વ ઠક્કર ના વિવિધ સોશીયલ અકાઉન્ટ્સને ફૉલૉ કરી આ કાર્યમાં સહભાગી બની શકો.

- તમારાં કલા અને કૌશલ્ય થકી તમારા વિસ્તારના 'ગિફ્ટ ઓફ ટાઈમ' એમ્બેસેડર બની સ્થાનિક સ્તર પર કાર્ય કરી શકો છો.

- 'ગુંજે ગીતા' આધ્યાત્મિક કાર્યક્રમનું તમારા શહેરમાં આયોજન કરી અમારા કર્મયોગમાં સહભાગી બની શકો.

- આ સંસ્થાની પુસ્તકોને અને પ્રોડક્ટ ખરીદીને.



"GIVE VACHA FOUNDATION" NGO SOCIAL INITIATIVE ACTOSS GUJARAT UNDER THE LEADERSHIP OF FOUNDER & MANAGING TRUSTEE DR. KRUPESH THACKER

GIVEVACHA.ORG

GUNJE GITA



WOMENS PARV



MOTHERS PARV



TREE PLANTATION PARV



HEALTH CAMP



FRIENDSHIP PARV



GIFT OF TIME PARV



VALENTINE PARV



PARV KI PATHSHALA



GRATITUDE PARV



જય શ્રી કૃષ્ણ